ગોધરાનું મહાજન અને કસાઇ ઢોર વેચ્યાનું ભોપાળુ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. છગનલાલ બાપુજી તથા મહાસુખ નાથજી

તથા શંકરલાલ લલ્લુભાઈ

[illegible]



[illegible]

સંવત ૧૯[illegible] [illegible] સને ૧૯[illegible].

અમદાવાદ.

શ્રી અમદાવાદ યુનાઈટેડ પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં

પટેલ મોતીલાલ શામળદાસે છાપ્યું.

કીંમત રૂ. ૦—૦—૦.

પ્રસ્તાવના.

૧ સાલીઆ તથા નાટાપુર વીગેરે ગામના કેટલાક વાણીઆઓએ ઓણુસાલ દુકાળના વખતમાં કસાઇને ઢોર વેચ્યાં છે એવી અરજી સ્ટેશનના કેટલાક વેપારીઓએ મહાજનના ઉપર મોકલી હતી તેની ખબર શ્રાવક વાણીઓને પડવાથી તેમણે તેમની નાતના બે ગ્રહસ્થો ગીરધરલાલ મોરારજી તથા મંગળદાસ કોદરલાલને સાલીઆ નાટાપુર ગામે તજવીજ કરવા મોકલ્યાં તેઓ ત્યાં જઇને તા. ૨ જી મે ૧૯૧૨ ના રોજ ઘાંચી ઉમર શીવા તથા જીવા શીવાની જુબાનીઓ લેઈ આવેલાં ત્યાર બાદ ગોધરાનું મહાજન તા. ૪ થી મે ૧૯૧૨ ના રોજ ભેગું થયેલું તે વખતે વૈશ્નવ સંપ્રદાયના કેટલાક શખ્સોએ શ્રાવક સમુદાયના આગેવાનોની પાસે તેમની તજવીજના કાગળો માગ્યાં ત્યારે તેમણે તેમની તજવીજ અધુરી છે અને સાક્ષીઓ તપાસવા બાકી છે અને તોહોમતદારોના ખુલાસા લીધાં નથી એ વીગેરે કારણોથી એ તજવીજના કાગળો આપી શકતા નથી અને જે તજવીજ થઈ છે તે ઉપરથી દલસુખ બાપુજી તથા માહાસુખ નાથજી તથા શંકરલાલ લલ્લુ ગુન્હેગાર જણાતાં નથી અને મહાજનને જે કાંઇ તજવીજ કરવી હોય તેમાં અમો સામેલ રહેવા ખુસી છીએ એમ જાહેર કર્યું તે ઉપરથી શ્રાવક વાણીઆ સીવાયના તમામ વૈશ્નવો મહાજનના પથાણું ઉપરથી ઉઠી જઇને બીજે ઠેકાણે ભરાયા અને ત્યાર બાદ શ્રાવક વાણીઆઓ મહાજનને પથાણે આશરે ત્રણ કલાક બેસી રહ્યાં ને છેવટે રણછોડભાઈ હરગોવનદાસ જેને ઘેર મહાજન ભેગું થયેલું તેમની રજા લેઇને શ્રાવક વાણીઆઓ પોતપોતાને ઘેર ચાલ્યાં ગયાં ત્યાર બાદ તા. ૭ મી મે ૧૯૧૨ ના રોજ દેસાઇ રણછોડભાઇ હરગોવનદાસને ઘેર કેટલાક વૈશ્નવો ભેગા થઇને તકરાર લીધી કે શ્રાવકોને મહાજનમાં બોલાવવા નહી પણ કેટલાંક ડાહ્યાં સદગ્રહસ્થોએ તે સામે વાંધો લીધો કે શ્રાવકો મહાજનમાં છે તો તેમને બોલાવ્યાં સીવાય મહાજનનું કાંઈ કામ થઇ શકતું નથી આ પ્રમાણે ત્રણ કલાક ચર્ચા કર્યા પછી મહાજનના શેઠે સાંજના સાત વાગે શ્રાવકોને મહાજનના પથાણે આવવાનું કહેણું મોકલ્યું ત્યારે શ્રાવકોના શેઠી-

આઓએ કહેવડાવ્યું કે મહાજનની તમામ ન્યાતીના શેઠીઆ ભેગાં થઇને સર્વેને અનુકુળ પડે તે દિવસે મહાજન ભેગુ કરશે તો તેમાં અમારે આવવવાનો તથા ગુન્હેગારની રીતસર તજવીજ કરવાનો અમારે કાંઇ વાંધો નથી આ પ્રમાણે કહેવડાવ્યાં છતાં રીતસર મહાજન ભેગુ થયું નહી અને જે લોકોની સામે કસાઇને ઢોર વેચ્યા બાબતનું તોહમત હતું તેમની તપાસ થઈ નહીં.

૨ તા. ૫ મી મેહ ૧૯૧૨ ના રોજ કેટલાક વૈશ્નવો પોતાની મેળે સાલીઆ નાટાપુર ગામે જઇને ચાર ધાંચીની જુબાનીઓ લેઇ આવ્યાં તે લોકોને એ તજવીજ કરવાનું કામ મહાજને સોંપેલું નહીં તેમજ તેમણે એ તજવીજ કરવામાં કોઈ શ્રાવકને સામેલ રાખેલાં નહીં તેમજ જે લોકોની વીરૂદ્ધ એ ધાંચીઓએ જુબાનીઓ આપેલી તે લોકોને બોલાવી તેમના ખુલાસા લીધા નહી અને તેમના ચોપડા પણ તપાસ્યા નહીં અને એ જુબાનીઓ તા. ૧૨-૫-૧૯૧૨ ના કાઠીઆવાડ અને મહીકાંઠા ગેઝીટમાં છપાવી ઉપર પ્રમાણે વૈશ્નવોની વર્તણુંકને લીધે દલસુખ બાપુજી તથા શંકરલાલ લલ્લુ તથા મહાસુખ નાથજીએ બાર સવાલોનું એક વીનંતીપત્ર છપાવીને મહાજનના શેઠ ઉપર તથા બીજા બાવીસ સંભાવીત ગ્રહસ્થો ઉપર તા. ૧૪-૫-૧૯૧૨ ના રોજ મોકલ્યું તેનો હજુ સુધી તેઓ પૈકી કોઇએ કાંઇ જવાબ આપ્યો નથી આ ઉપરથી સાફ જણાય છે કે દલસુખ બાપુજી તથા શંકરલાલ લલ્લુ તથા માહાસુખ નાથજીના ઉપર મુકાયેલા તોહમતની પાકી અને નીસપક્ષપાત તજવીજ થઈ નથી અને આડકતરા સવાલો ઉભા કરી એક બીજાની દ્વેષબુદ્ધિનું ધાંધલ રચાયું.

૩ ઉપરની હકીકતને લીધે દલસુખ બાપુજી તથા શંકરલાલ લલ્લુ તથા માહાસુખ નાથજી તેમણે તેમના પંચને વિનંતી કરી કે અમારા ઉપર મુકાયેલા તોહમતની મહાજન તજવીજ કરતા નથી માટે તમો અમારા ઉપર મુકાયલા તોહોમતની પાકી તજવીજ કરીને અમોને ઇન્સાફ આપો તે ઉપરથી એ પંચવાળા તા. ૨૧ મે ૧૯૧૨ ના રોજ ભેગાં થયાં અને આ કામની પાકી તજવીજ કરવા સારૂ હમો ચાર સખ્સોની નીમણુંક કરી તે ઉપરથી હમોએ ગોધરાના બીજા વૈશ્નવ પંચના ચાર સખ્સો પરી વલવભાઇ જગજીવનદાસ તથા જાની પ્રભાશંકરભાઇ રૂધનાથજી તથા શા માહાસુખભાઇ મુળજી તથા શા પરશોત્તમ વ્રજલાલને ત્યાં જઇને તેમને વીનંતી કરી કે

હમો આ કામની તજવીજ કરવા માટે હમારા પંચના હુકમથી સાલીએ તથા નાટાપુર જઇએ છીએ અને તે કામ કરવામાં તમો અમારી સાથે સામેલ રહીને હમને ઘટીત સલાહ આપો ને તજવીજ કરવામાં મદદ કરો પરન્તુ તે સખ્સોએ તે પ્રમાણે કરવાનું ના કહ્યું તે ઉપરથી અમો સાલીઆ નાટાપુર ગામે તા. ૨૩ મી મેના રોજ વકીલ માહાસુખરામ નરસીદાસની રૂબરૂમાં આ કામની તજવીજ કરવા ગયાં અને લાગતા વળગતા લોકોથી તજવીજ કરી તપાસ કરી.

રીપોર્ટ.

૧ ગોધરા તાબાના સાલીઆ નાટાપોર ગામમાં વેપાર કરનાર શા છગનલાલ બાપુજી (શા દલસુખરામ બાપુજીના ભાઈ) તથા શા માહાસુખ નાથજી તથા શા શંકરલાલ લલ્લુ એમણે કસાઇને ઢોર વેચ્યાં છે એવી ફરીયાદની તજવીજ કરવા સારૂ અમો સાલીઆ નાટાપોર ગામે ગયાં અને ત્યાં તા. તા. ૨૩ માહે મે ૧૯૧૨ ના રોજે વકીલ મહાસુખરામ નરસીદાસની રૂબરૂમાં નીચે લખેલા સાક્ષીઓ તપાસ્યાં.

૧ ઘાંચી કાળુ રહીમ	૨ ઘાંચી મુસા સદીક
૩ ઘાંચી ઉમર શીવા	૪ સૈયદ વજીર અલી
૫ પરવેસી પાયછત	૬ ઘાંચી કાળુ જમાલ
૭ ઘાંચી જીવા શીવા	

૨ ત્યાર બાદ ગોધરા મુકામે તા. ૨૬ મી માહે મે ૧૯૧૨ ના રોજ

૮ પટેલ જવરા સુરતા ૯ ઘાંચી મુસા રસીદ

ની જુબાનીઓ લીધી અને તા. ૨૮ મી મે ૧૯૧૨ ના રોજે ત્રણે તોહોમતદાર છગનલાલ બાપુજી તથા માસુખ નાથજી તથા શંકરલાલ લલ્લુના જવાબ તથા ખુલાસા લીધા તા. ૨૩ મી મે ૧૯૧૨ ના રોજ સાલીઆ મુકામે ઉપર લખેલાં સાક્ષીઓની જુબાનીઓ લીધા બાદ અમો પંચ પૈકી શા છગનલાલ મનસુખ તથા શા અમરતલાલ મનસુખ તથા શા પાનાચંદ નરસીદાસ ફરતા ફરતા બાપુ પટેલના ઘર તરફ ગયાં અને ત્યાં સરવૈયર

ચુનીલાલ ધારસીંહને મળ્યાં અને તેમને હકીકત પુછતાં તેમણે અમોને કહ્યું કે "ગોધરાથી રણછોડ દેસાઇ વીગેરે વૈશ્નવો અહીંઆ તજવીજ કરવા સારૂ તા. ૫ મી મેના રોજ આવેલાં તેમણે પટેલના મકાન આગળ ખાટલો નાંખીને સાક્ષીઓ તપાસવાનું કામ કીધું પણ તે વખતે હું તથા સરવૈયર જેઠાલાલ અમારૂં સરકારી કામ કરતાં હતાં અને જુબાનીઓ લેવાના કામમાં અમોએ કાંઈ ભાગ લીધો નથી અને કોણે શી જુબાની આપી તે અમે સાંભળ્યું નથી અને તેમાં અમે ચીત રાખ્યું નથી એ જુબાનીઓ લીધા બાદ કેટલાક કલાક પછી રાત્રે રણછોડ દેસાઈ અમારા મુકામે આવેલાં અને અમારા નામ તથા ગામ પુછી ગયાં હતાં જે ઓસરીમાં અમો અમારૂં સરકારી કામ કરતા હતાં ત્યાં મગનલાલ લલ્લુ આવીને બેઠો હતો અને જુબાનીઓ લેવાતી તે જગ્યાએ નહોતો. જેઠલાલ સરવૈયર તથા તલાટી મણીલાલ તા. ૨૩ મીએ નાટાપોરમાં નહોતાં તેથી તેમનાથી કંઇ પુછ પરછ અમો પંચોએ કરી નથી.

૩ તા. ૫ મી મે ૧૯૧૨ ના રોજ દેસાઈ રણછોડભાઈ તથા બીજા ચાર વૈશ્નવો સાલીઆ ગામે જઇને સાક્ષીઓ ઉમર શીવા તથા જીવા શીવા તથા ભીખા સદીક અને કાળુ રહીમ તથા સુજાતખાં નનુખાં તથા વજીર મહમદની જુબાનીઓ લેઈ આવ્યાં તેવું મહીકાંઠા ગેઝીટ ઉપરથી જણાય છે તેના સંબન્ધમાં તેઓ એમ જણાવે છે કે એ જુબાનીઓ તલાટી મણીલાલ તથા સરવૈયર જેઠાલાલ તથા સરવૈયર ચુનીલાલના રૂબરૂ લખાવી છે પરન્તુ સરવૈયર ચુનીલાલભાઇએ જુબાનીઓના ખરાપણા વીશે કાંઇ જવાબદારી માથે લેતા નથી તે વાત ધ્યાનમાં રાખવાની ખાસ આવશ્યકતા છે વળી તા. ૫-૫-૧૯૧૨ ના રોજની તજવીજમાં વજીર મહમદ ઇનામદારની જુબાંનીમાં એવું લખ્યું છે કે "મેં અને સુજાતખાંએ પાયછત પરદેશી બ્રાહ્મણની ગાય લીધેલી તે હમે ખોટા કામમાં વાપરી છે" પરંતુ અમારી રૂબરૂ તા. ૨૩ મી મેના રોજ સૈયદ વજીરઅલીને બોલાવીને અમે જુબાની લીધી તેમાં તે લખાવે છે કે "વજીરમહમદ નામનો કોઇ ઇનામદાર સાલીઆમાં છેજ નહીં અને હું વજીરઅલી ઇનામદાર છું અને મારા બાપનું નામ ઉમરાવલી છે અને મેં કે સુજાતખાંએ રણછોડ દેસાઇ આગળ બીલકુલ જુબાની આપી નથી અને હું ભણેલો છું અને રણછોડ દેસાઇએ મારી જુબાની લખી લીધી હોય તો મારી સહી બતાવે" વલી તે એમ પણ

કહે છે કેમકે મેં કે સુજાતખાંએ પાયછત પરદેશી પાસેથી કદી ગાય લીધેલી નહીં અને ખોટા કામમાં વાપરી નથી પાયછત પરદેશીની જુબાંની પણ અમોએ તા. ૨૩ મી ના રોજ લીધી તેમાં પણ તે વજીરઅલીને ગાય આપ્યાનં તથા મુસાસદીકને ગોધા વેચ્યાનું ઇનકાર કરે છે મુસાસદીક પોતાની જુબાંનીમાં ચોખું લખાવે છે કે પાયછત પાસેથી મેં ગોધો વેચાણુ લીધો નથી આ ઉપરથી દેસાઇ રણછોડભાઇ વીગેરે વૈશ્નવોએ પોતાની તજવીજ કેવી રીતે ચલાવી છે તેનું અનુમાન કરવું ઘણું મુશકેલ નથી અને તે વીશે વીશેષ વીવેચન કાંઇ કરવાની જરૂર પણ નથી કારણુ કે આ કેસનો આધાર બીજી વધારે મહત્વની બાબતો ઉપર છે.

૪ આ કેસની મુદ્દાની બાબતનો નીરણય કરવામાં સીધો પુરાવો જે રજુ થયો છે તેનું વીવેચન કરતાં પહેલાં બીજી બે બાબતો ધ્યાનમાં રાખવાની જરૂર છે કાળુ જમાલ નામનો એક ગાંચી અમોએ તપાશ્યો છે તે એમ કહે છે કે તલાવના માછલાં નહી મારવાં દેવાના કામમાં અને જુના ઘરડાં ઢોર કસાઇને ત્યાં જતાં અટકાવવાના કામમાં ગાંચીઓને વાણીઆ સાથે હમેશાં તકરાર થયાં કરે છે અને તેથી વાણીઆ ઉપર આ જુઠાં તોહમત ગાંચી લાવે છે તે વળી એમ પણ કહે છે કે જીવા શીવાના સાળાને એક ઘરડી ગાય તથા એ ઘરડો બલદ કસાઇને ત્યાં લેઇ જતાં રોકાવટ કરવામાં તેમને અમીચંદ બાપુજી તથા માસુખ નાથજી તથા શકરા લલુ સાથે તકરાર થયેલી પાયછત પરદેશી આ હકીકતને ટેકો આપે છે. માસુખ નાથજી તથા શકરાલાલ લલુ પણ આ અદાવતની વાતને ટેકો આપે છે તથા બીજી રીતની પણ અદાવત બતાવે છે તે સઘળી બાબત ધ્યાનમાં લેતાં એમ જણાય છે કે છગનલાલ બાપુજી તથા માહાસુખ નાથજી તથા શંકરલાલ લલ્લુની વીરૂદ્ધ જુઠા કેસ ઉભા કરવાનું ઘાંચીઓને મજબુત કારણુ છે જીવા શીવા કહે છે કે હું પરસોતમ ભાઇચંદની જગ્યામાં રહું છું અને પરસોતમ ભાયચંદ દશાશ્રીમાળી વૈશ્નવ દલસુખ બાપુજીની સરખી સ્થિતિનો વેપારી માણુસ છે અને તેમની વચ્ચે વેપારની હરીફાઈ હોય તે સ્વભાવીક છે.

૫ હવે અમે આ કેસની મુદ્દાની બાબત ઉપર વીવેચન કરીએ છીએ.

૧ શા. માહાસુખ નાથજીના ઉપર સાત ઢોર બાબત તોહમત છે.

૨ શા. શંકરલાલ લલુ ઉપર ત્રણ હોડકી અને ગાય બાબત તોહમત છે.

૩ શા. છગનલાલ બાપુજી ઉપર એક ગાય અને એક બળદ બાબત તોહમત છે.

૬ પેહેલાં માહાસુખ નાથજીને કેસ વીચારમાં લેઇએ છીએ પેહેલી વાત તો એ છે કે માહાસુખ નાથજીના સાત ઢોર કસાઇને અપાયાં એવું કોઇ સાક્ષીએ કોઇ પણ ઠેકાણે કોઇ પણ વખતે કહ્યું નથી આ કામમાં પ્રથમ તા. ૨-૫-૧૯૧૨ ના રોજ શ્રાવક સમુદાયના બે આગેવાનો ગીરધરલાલ મોરારજી તથા મંગળ કોદરલાલે ઉમર શીવા તથા જીવા શીવાની જુબાંની લીધી હતી ત્યાર બાદ વૈશ્નવ સમુદાયના આગેવાનો દેસાઇ રણછોડભાઇ તથા બીજા ચાર શખ્સોએ તા. ૫-૫-૧૯૧૨ ના રોજ ઉમર શીવા તથા જીવા શીવા તથા બીખા સદીક તથા કાલુ રહીમની જુબાંનીઓ લીધી અને તા. ૨૩-૫-૧૯૧૨ ના રોજે અમારી રૂબરૂ સાત સાક્ષીઓની જુબાનીઓ લેવાઇ તેમાં કોઇએ કોઇ પણ વખતે એવું નથી લખાવ્યું કે માહાસુખ નાથજીવાળાં ઢોર કસાઇને ત્યાં ગયાં છે એટલે માહાસુખ નાથજી સામે કંઇ કેશ છેજ નહીં એમ કહી શકાય પરંતુ અમોએ સાત ઢોરની પાકી તજવીજ કરી તે ઉપરથી એમ જણાય છે કે માહાસુખ નાથજીએ સાક્ષી કાલુ રહીમને ૧૯૬૮ ના કારતક સુદ ૩ ના રોજ ત્રણ ગોધા એક વાછરડો તથા બે હોડકીઓ તથા એક વાછરડી કાલુ રહીમને રૂ. ૩૪-૪-૦ પાઇમાં વેચાણ આપેલાં તેમાં ઉમર શીવાનો ભાગ હતો ઉમર સીવા કાલુ રહીમનો બનેવી થાય છે આ સાતે ઢોર કાલુ રહીમ જે વણજારાને તથા વાણીઆને તથા કોળી લોકને વેચાણ આપ્યાં છે તેમનાં નામ ઠામ તે આપે છે અને કાલુ રહીમ કહે છે એ સાત પૈકી એક ઢોર પણ કસાઇને વેચાયું નથી અને બધાં ઢોર હાલ હયાત છે અને એ ઢોર હયાત છે એ બાબતની ખાતરી માહાસુખ નાથજી પોતે પણ આપે છે, ઉમર શીવા પોતાની તા. ૨-૫-૧૯૧૨ ની તજવીજમાં પણ એમજ કહે છે આ કારણોથી માહાસુખ નાથજીએ કોઇ પણ ઢોર કસાઇને ત્યાં વેચ્યું એ વાત માનવા જેવી નથી એટલુંજ નહીં પણ તે વાત ખોટી છે એવો અમારો અભીપ્રાય છે.

૭ હવે શંકરલાલ લલ્લુની હકીકત વાંચી વિચાર કરવામાં આવે છે. તા. ૨-૫-૧૯૧૨ ના રોજની તજવીજમાં ઉમર સીવા લખાવે છે કે રૂ. ૧૫-૮-૦ માં ત્રણ હોડકીઓ શંકરલાલ લલ્લુ પાસેથી રાખી હતી શંકરલાલ લલ્લુ કબુલ કરે છે કે ૧૯૬૮ ના કારતક સુદ ૧૧ ના રોજ

રૂ. ૧૫-૮-૦ માટે ત્રણ હોડકીઓ ઉમર સીવાએ વેચી હતી ઉમર સીવા ખેતીનો તથા ખેડુત લોકોને ઢોરાં વેચાણ કરવાનો ધંધો કરે છે તા. ૨-૫-૧૯૧૨ ની તજવીજમાં ઉમર સીવા લખાવે છે કે એ ઢોરાં મારા જમાઇ વેચી આવ્યો છે કોને વેચી આવ્યો તે મારો જમાઇ જાણે છે. તા. ૫-૫-૧૯૧૨ ની તજવીજમાં એણે એવું લખાવ્યું છે કે એક ગાય ખોટા કામમાં વાપરી છે અને બે ગાયો ગોધરે કસાઇને ત્યાં વેચી છે. તા. ૨૩ મીના રોજ અમારી રૂબરૂ તજવીજમાં એ લખાવે છે કે એ ત્રણ હોડકીઓ કોલી લોકોને વેચી છે અને તે હયાત છે આ પ્રમાણે ઉમર સીવાની હકીકત સંતોષકારક નહીં લાગવાથી હમે જવરા સુરતાની જુબાની લીધી. જવરા સુરતાં તે ત્રણ હોડકીઓ પૈકી એક હોડકીનો મુળ માલીક તેણે તે હોડકી શંકરલાલને લેણા પેટે આપેલી તે પોતાની હોડકી ઓળખી શકે તેમાં નવાઇ નથી કારણ કે પોતાના ઘરના ઉછેરની હતી એ હોડકી પોતે ઉમર સીવા પોતાના ઘેરેથી દોરી આપેલી તે હોડકી રબારી ગામમાં તા. ૨૫-૫-૧૯૧૨ ના રોજ તલશી કાનજીમાંના ઘેર હજુ હયાત છે અને પોતે જાતે જોઇ આવ્યો છું એમ લખાવે છે અને ઉમર સીવાના જમાઇનો ભાઇ મુસા રસીદ પોતાની જુબાનીમાં લખાવે છે કે એ હોડકી ઉમર સીવાના તરફથી રબારી ગામમાં તલસી કાનજીને પોતે વેચી આવેલાં અને તે હોડકી તા. ૨૫-૫-૧૯૧૨ ના રોજ તેને ઘેર હયાત હતી તેવું પોતે લખાવે છે બીજી બે હોડકીઓનો મુલ માલીક જવરા ખુશાલ તથા ભુરા ખુશાલ હતાં તે તેમણે તેમના દેવા પેટે શંકરલાલને આપી હતી તે બન્ને હોડકીઓને જવરા સુરતા ઓલખે છે કારણ કે જવરા ખુશાલ તથા ભુરા ખુશાલ તેના ભત્રીજા તથા પાડોશી થાય છે અને જવરા સુરતા તથા મુસા રસીદ બન્ને કહે છે એ હોડકીઓ પૈકી એક હેન્દોલીયા ગામમાં ભીલ ભાયલા કાંગુને ત્યાં હજુ હયાત છે અને બીજી અન્તેલા ગામમાં નારસીંગ બાધરને ત્યાં હજુ હયાત છે એ પ્રમાણે ત્રણે હોડકીઓ ઉપર લખેલાં ગામમાં ઉપર લખેલા શખ્સોને ત્યાં હજુ હયાત છે એવું આ લોકોની જુબાંનીથી સાબીત થાય છે એવો અમારો અભીપ્રાય છે.

૮ તા. ૫-૫-૧૯૧૨ ના રોજની તજવીજમાં બાખા સદીક લખાવે છે કે શંકરલાલ લલ્લુ પાસેથી એક ગાય બે મહીના ઉપર રૂ. ૭) માટે વેચાણ લીધેલી તે મહારા ગંચીની મારફતે ખોટા કામમાં ગોધરામાં

વેચી છે આ સાક્ષીઓને હમે શાલીઆના ટાપોર ગામે તપાસવા માટે બોલાવ્યો પણ એ આવ્યો નહી. કોની શીખવણીથી એ અમારી રૂબરૂ હાજર ના થયો તે લખવાની કાંઇ જરૂર ધારતાં નથી પણ ના આવ્યો તે વાત ખરી: છે એટલે એને વધુ સવાલ પુછીને પાકી તજવીજ એનાથી થઇ શકી નહી તેમજ ઇસમાલ સદીક મદારાને પણ બોલાવ્યો તે માણસ તે તારીખે શાલીએ હાજર નહોતો પણ ગોધરે હતો તેથી હમે ગોધરા મુકામે એને બોલાવવા મોકલ્યો પણ તે હાજર થયો નહીં તેથી તેને પણ તપાસનું બની શકયું નહીં છેવટ હમો શંકરલાલ લલ્લુનો ખુલાસો માંગ્યો ત્યારે તેણે પોતાના ચોપડા સાથે હાજર થઇને ખુલાસો કર્યો કે તેણે કદી કોઇ પણ ગાય ૧૯૬૭ ના અશાડથી તે ૧૯૬૮ ના વઇશાખ સુધીમાં ભીખા સદીક ને વેચી નથી પણ ૧૯૬૮ ના કારતક સુદ ૧૧ ના રોજે ગામ મોરવાના પટેલ સુતાર વજા રામાને એક ગાય વેચેલી તે રૂ. ૭) માટે વેચેલી તે મતલબનું નામું છે તે નામામાં ગાંચી ભીખા સદીકની સાખે આપી છે એવું લખ્યું છે એટલે કદાચ વજા રામાને ગાય આપવામાં એણે વજા રામાની દલાલી કરી હોય તેવો સંભવ રહે છે પણ તેને પોતે ગાય રાખેલી નહી એ વાતનો નિશ્ચયપણે શંકરલાલના ચોપડા ઉપરથી જણાય છે જ્યારે એ ગાય ભીખા સદીકે પોતે વેચાણ રાખી નથી તો તે કસાઇને ત્યાં વેચે એ તો અશક્યજ છે. આ બધા કારણથી શંકરલાલ લલ્લુની સામેનું તોહમત સાબેત થતું નથી એટલુંજ નહી પણ એ તદન જુઠુંજ છે એવો અમારો અભીપ્રાય છે.

૯ હવે છગન બાપુજીના ઉપરનો કેશનો વીચાર લેવાનો બાકી રહ્યો.

તા. ૨-૫-૧૯૧૨ ના રોજની તજવીજમાં ઉમર સીવાની જુબાની લેવાએલી તેણે બીજી કેટલીક હકીકત લખાએલી તેમાં છગન બાપુજી પાસેથી બળદ લેઇને ખોટા કામમાં વાપર્યાનું લખાવ્યું નથી.

તા. ૫-૫-૧૯૧૨ ના રોજની રણછોડ દેસાઈની તજવીજમાં ઉમર સીવા લખાવે છે કે છગનલાલ બાપુજીનો બળદ ૧) રંગે રાતો મોતી વહાલાનો રૂ. ૧૧—૮—૦ પાઇ માટે લીધેલો તે ખોટા કામમાં વાપર્યો છે. રણછોડ દેસાઇ અને તેમની સાથે બીજા ચાર માણસો આ સાક્ષીને એક સવાલ વધારે પુછ્યો હોત તો આ સાક્ષી જુઠો છે એમ એમની ખાત્રી થાત. એ બળદ ઉમરે કયારે વેચાણ લીધો તે સવાલ પુછવાનો

રણછોડ દેસાઇને કે તેમના સોબતીઓને વીચાર આવ્યો નહીં અને ખોટા કામમાં વાપર્યો તો તે કોને કયા કસાઇને વેચ્યો તે સવાલ પણ પુછયો નથી પરન્તુ જુઠું ઝાંપા સુધી પણ ટકતું નથી એજ કહેવત આ કેસમાં ખરી રીતે લાગુ પડે છે. ઉમર શીવાને અમોએ તા. ૨૩ મી રોજ તપાસ્યો તેમાં તે લખાવે છે કે એ બળદ ૧૯૬૫ ની સાલમાં છગનલાલ બાપુજી પાસેથી વેચાણુ લીધેલો તે બળદ ગામેતી અનવરઅલી ઉમરાવલીને વેચાણ આપેલો અને તે બાર માસ પહેલાં વેચાણુ આપેલાં છગનલાલ બાપુજીના ચોપડામાં ૧૯૬૫ ની સાલનું નામુ આ બાબતનું ચોપડામાં છે આ ઉપરથી બળદ કસાઇને વેચ્યાની વાત તદન પાયા વગરની અમને જણાય છે.

૧૦ હવે છગન બાપુજી ઉપર એક ગાય બાબતનું તોહમત છે તેનો વિચાર કરીએ છીએ તા. ૨-૫-૧૯૧૨ ના રોજ જીવા શીવાએ પોતાની હકીકતમાં લખાવ્યું કે છગન પાસેથી એક ગાય દીવાળી પહેલાં દસરા પહેલાં રાખેલી તે લીધા કેડે પંદર એક દીવસે રૂા. ૧૧) માટે ગોધરે બજારમાં વેચી એ ત્રણુ વેતરની હતી. તા. ૫-૫-૧૯૧૨ ના રોજની રણછોડભાઇની તજવીજમાં એ સાક્ષી લખાવે છે કે રૂ. ૯) માટે છગનલાલ પાસેથી ગાય રાખેલી તે છગનલાલ બાપુજી એ કસાઇને ઘેર વેચી ખાવાનું કહેવાથી વેચી દીધી છે હાજી ઇસમાલ સદીક મદારાને ત્યાં ગોધરાના કસાઇને ત્યાં આપી. તા. ૨૩—૫—૧૯૧૨ નાં રોજ અમારી રૂબરૂ આ સાક્ષી લખાવે છે કે ૧૯૬૭ ના ભાદરવામાં રૂ. ૯) માટે એક ગાય છગનલાલ બાપુજી પાસેથી વેચાણુ રાખી હતી તે ગાય ગોધરે કોઇ ગાંચીને રૂ. ૧૧) માટે વેચી દીધી ને ગાંચી શો ધંધો કરે છે તે જાણુતો નથી તેનું નામ શું તે જાણુતો નથી ને કયાં રહે છે તે જાણુતો નથી છગન પાસેથી ગાય લીધી તે વાત પોતાના શિવાય બીજું કોઇ જાણુતું નથી છગન બાપુજીની દુકાને એનો મોટો ભાઇ અમીચંદ બાપુજી તથા બીજા બે ગુમાસ્તા વહીવટ કરે છે તે પણ આ ગાય વેચ્યાની વાત જાણુતા નથી છગનલાલ બાપુજીના ચોપડા સંવત ૧૯૬૭ના અશાડ સુદ ૧ થી સંવત ૧૯૬૮ ના વઈશાખ સુદ ૧ સુધીના તમામ અમે તપાસ્યાં તેમાં કોઇ વખતે રૂ. ૯) માટે ગાય જીવા સીવાને વેચ્યાનો દાખલો નથી જીવા સીવાને કોઇ પણ જાતનું ઢોર વેચ્યાનો દાખલો નથી તેમજ રૂ. ૯) માટે

કોઇ પણ ઢોર બીજા કોઇને વેચ્યાનો દાખલો નથી. રૂ. ૯) માટે બે વેતરની ગાય ભાદરવામાં વેચાય તે પણ સાધારણ અકલથી બાહાર છે છગનલાલ બાપુજીના ચોપડા તપાસતાં અને ભગભગ પંદરેક ઢોર વેચેલાંના દાખલા છે તેમાં એક ગાય બે વેતરની રૂ. ૩૩—૦—૦ માટે વેચ્યાનો દાખલો છે બીજી ભેંસો વેચ્યાના દાખલા છે તો આ નવ રૂપીઆની ગાયનો દાખલો એના ચોપડામાં કેમ ના નીકલે તે વીચીત્ર છે માટે જીવા સીવા એ ગાયની વાત કહે છે તે ખોટી જણાય છે અને બીલકુલ સાબેત થતી નથી જીવા સીવા એ ગાય લેવાને ગયો તે વખતે નવજ રૂપીઆ લઇને ગયો વત્તા નહી અને ઓછા પણ નહી એ પણ વીચીત્ર છે એને શી રીતે જાણ્યું કે છગન રૂ. ૯) માજ ગાય આપશે આ માણસે કલ્લાંજોટા મુકીને છગન પાસેથી રૂ. ૧૨) લીધા છે તે ત્રણ વરસથી હજુ છોડાવી શક્યો નથી અને છગન બાપુજીને દોઢ ટકાનું વ્યાજ આપે છે તેની પાસે ઘરમાં રૂપીઆ રોકડા ક્યાંથી ભરી મુકયા કે રૂપીઆ નવ લઇને છગન પાસેથી ગાય વેચાણ લેવા ગયો. ઉપરની તમામ હકીકતથી જીવા શીવાની હકીકત ગાય બાબતની ખોટી છે અને છગન બાપુજીએ એ એને વેચી સાબીત થતું નથી એવો અમારો અભીપ્રાય છે.

૧૧ આ પ્રમાણે આ કામમાં તજવીજ કરતાં અમારો અભીપ્રાય થાય છે તે પંચને જણાવીએ છીએ. અને આ સાથે નીચે લખેલાં અસલ કાગળો પણ રજુ કરીએ છીએ.

૧ તા ૨૩ મી મે ૧૯૧૨ ના રોજ શાલીઆ નાટાપુર ગામે જઇને લીધેલી જુબાનીઓ.

૧ કાલુ રહીમ.

૨ મુસા સદાક.

૩ ઉમર શીવા.

૪ સૈયદ અનવરઅલી ઊમરાવઅલી.

૫ પરદેશી પાયછત ગલમ.

૬ કાલુ જમાલ.

૭ જીવા શીવાની.

૨ તા. ૨૬—૫—૧૨ ના રોજ ગોધરા મુકામે લીધેલી જુબાનીઓ.

૮ જવરા સુરતા.

૯ મુસા રસીદ

૩ તા. ૨૮—૫—૧૯૧૨ ના રોજ.

૧૦ શંકરલાલ લલ્લુનો લીધેલો ખુલાસો

૧૧ તથા તેમના ચોપડાનો ઇન્તેખાપ.

૧૨ તથા મહાસુખ નાથજી લીધેલો ખુલાસો.

૧૩ તથા છગનલાલ બાપુજીનો ખુલાસો.

૧૪ તથા છગનલાલ બાપુજીના ચોપડાનો ઇન્તેખાબ.

૪ તા. ૨—૫—૧૯૧૨ ના રોજ શાલીઆના ટાપોર ગામે જઇને ગીરધરલાલ મોરારજી તથા મંગલદાસ દોલતલાલે લીધેલી જુબાનીઓ.

૧૫ ઉમર શીવાની.

૧૬ તથા જીવા શીવાની.

૫ તા. ૫—૫—૧૯૧૨ ના મહીકાંઠા ગેઝીટમાં છપાએલી અને રણછોડ દેસાઇ વીગેરે વૈશ્નવોએ તા. ૫—૫—૧૯૧૨ ના રોજ લીધેલી ઉમર શીવાની, જીવા શીવાની, ભીખા સદીકની તથા કાલુ રહીમની જુબાંનીઓની નકલ (૧૭) દલસુખ બાપુજી તથા મહાસુખ નાથજી તથા શંકરલાલ લલ્લુએ વૈશ્નવ મહાજનને બાવીસ સદ્ગ્રહસ્થોને પુછેલા સવાલોનું વીનંતી પત્ર. (૧૮)

તા. ૨૯ મી માહે મે ૧૯૧૨.

ગાંધી છગનલાલ ગોપાળજી સહી દા. પોતે.

દોસી છગનલાલ મનસુખ સહી દા. પોતે.

શા. અમરતલાલ મનસુખ સહી દા. પોતે.

શા. પાનાચંદ નરસીદાસ સહી દા. પોતે.

આ રીપોર્ટ લખાયા પછી તા. ૩૧ મે સને ૧૯૧૨ ના રોજ સુ- થાર વજા રામાની જુબાંની અમોએ લીધી તે આ સાથે સામીલ કરીએ છીએ. (૧૯).

તા. ૩૧ મે સન ૧૯૧૨.

શા. અમરતલાલ મનસુખ સહી દા. પોતે.

ગાંધી છગનલાલ ગોપાળજી સહી દા. પોતે.

હું પાનાચંદ નરસીદાસ જુદે લખી જણાવું છું કે હું શાલીઆ ગામે આ કામની તજવીજને માટે તા. ૨૭ મી મે સને ૧૯૧૨ ના રોજ બ- પોરના એક વાગે શાલીયા પોહોંચ્યો હતો અને મારા જતાં પહેલાં તે દીવસે કાલુ રહીમ, મુસા સદીક, ઉમર શીવા, વજીરઅલી પાયછત્, કાલુ જમાલ એટલા લોકોની જુબાંનીઓ મારા શીવાયના બીજા ત્રણ પંચે લીધી હતી અને મારાં ગયા પછી તેમણે તે સાક્ષીઓને ફરી બોલાવીને એમની જુબાંનીઓ મારા રૂબરૂ ખરી કરી લેવાને કહેલું પણ મને એ જુબાંનીઓનો કાંઈ વહેમ પડતું નહીં લાગવાથી મેં એ સાક્ષીઓને ફરી બોલાવીને ફરી તપાસી જોયા નહોતાં પણ તેમની થયેલી જુબાંનીઓ ઉપર આધાર રાખીને તથા બાકીનું મારા રૂબરૂ જે કામ થયેલું તે તમામ ધ્યાંનમાં લેઈને આ ઠરાવ કરવામાં મેં સંમતી આપી છે.

પાનાચંદ નરસીદાસ સહી દા. પોતે.

આ રીપોર્ટ તથા તેની સાથેના ઓગણીસ કાગળો અમો વીસા નીમાના પંચને તા. ૩૧ મી મે ૧૯૧૨ ના રોજ રાતના નવ વાગે મળ્યાં.

મારા ધરમ પ્રમાણે પ્રતિજ્ઞા લેઈ લખાવું છું કે.—

મારૂં નામ કાલુ રહીમ જાતે ઘાંચી રહેવાસી નાટાપુર ઉમર આશરે વર્ષે ૨૫

પુછવાથી લખાવું છું કે માહાસુખ નાથજીના ઢોરાં ત્રણ ગોધા બે હોડકીઓ એક વાછરડો એક વાછરડી મેં વેચાણ લીધેલાં ત્રણ ગોધા વણ- ઝારાને વેચ્યા હતા ત્રણ ગોધા વેચીને બળદ લાવેલો તે ત્રણ ગોધા વણ-

ઝારાને આપેલા તે અસાડીનો છે વણઝારાના નામની ખબર નથી એ ઢોરાંમાં ઉમર સીવાનો ભાગ હતો ઉમર શીવા મારો બનેવી થાય છે વણઝારાનું નામ દાનીઓ યાદ આવે છે ત્રણ ગોધા આપીને એક બળદ તેની પાસેથી લીધેલો તે બળદ સાવકણ ભાવાને આપીને બીજો બળદ તેની પાસેથી લીધેલો એ હોડકીઓ પૈકી એક કેલોદના વાણીયા જેઠાને આપી છે બીજી હોડકી પંચેળે પરતાપપરે ગાંમે ભીલને વેચાણ આપી છે ભીલના નામની ખબર નથી વાછરડો માતરીઆમાં કોલી વાઘસીંગ ઉકલાને આપ્યો છે વાછરડી રાંમાગામમાં કોળીને આપી છે તે કોળાનું નામ યાદ નથી એ સાત ઢોર અમોએ કોઇ મુસલમાન કે કસાઇને વેચ્યાં નથી એ સાતે ઢોર હયાત છે એ ઢોર કસાઇને ના વેચવાં એવું મેં લખી આપ્યું નથી પણ મોઢેથી મેં મારી મેળે મારા ઇમાનથી કહેલું કે મારે ઢોર કસાઇને વેચવાં નથી હું ખેતીનો તથા ઢોરાંનો વેપાર કરૂં છું એ ઢોરાં દીવાળી પછી મહીને પંદર દાહાડે રાખેલાં

કાલુ રહીમ:સહી દા. પોતે.

મેં મારી જુબાની થોડા દીવસ અગાઉ રણછોડ દેસાઇ વીગેરે વૈશ્નવ વાંણીઆના આગળ આપેલી તે વખતે મેં લખાવ્યું નથી કે શકરા લલ્લુ ચુનીલાલ નાથજી અને મણીલાલે ખરી હકીકત કહેવાનું ના કહેલું એમણે હાથ જોડ્યા નથી એમણે ઉગારી લેવાનું કહ્યું નથી ખરી હકીકત એ છે કે શકરા લલુ તથા ચુનીલાલ નાથજી કે મણીલાલ મારી પાસે આવેલાજ નહીં અને ખરી હકીકત છુપાવવાનું કદી કહેલુંજ નહીં એવું મારી જુબાનીમાં જો કોઇએ લખી લીધું હોય તો તે જુઠું છે.

તા. ૨૩ મી મે ૧૯૧૨. કાલુ રહીમ સહી દા. પોતે.

આ જુબાની આ સાક્ષીએ પંચના રૂબરૂ લખાવી તે મેં તેના કહેવા પ્રમાણે લખી લીધી અને તે તેને વાંચી બતાવતાં તેણે તે કબુલ રાખી તા. સદર.

Shah Mahanukh N.

હું મારા ધરમ પ્રમાણે પ્રતીજ્ઞા લેઇ લખાવું છું કે—

મારૂં નામ મુસા સદીક જાતે ઘાંચી ઉમર આસરે વર્ષ ૩૦-૩૩ પુ-

છવાથી લખાવું છું કે પાયછત પરદેશીને હું ઓળખું છું એને ત્યાં એક ગોધો હતો તે વેચાણ લેવાનો મારો વીચાર હતો પણ એણે તે ગોધો મને વેચાણ આપ્યો નહીં પાછળથી તે ગોધો આશરે એક મહીના ઉપર પાયછતને ત્યાં મરી ગયો તે વાત હું જાણું છું એ ગોધો જ્યારે મરી ગયો ત્યારે એનું ચામડું પાયછતની રજાથી વગર પૈસા આપે મેં કઢાવી લીધું હતું તા. ૨૩ મી મેએ સને ૧૯૧૨ હું મારી સહી લખી જાણતો નથી.

આ જુબાની આ સાક્ષીએ પંચના રૂબરૂ લખાવી તે મેં તેના કહેવા પ્રમાણે લખી લીધી અને તે તેને વાંચી બતાવતાં તેણે તે કબુલ રાખી છે. તા. સદર.

Shah Mahanukhet.

મારા ધારવા પ્રમાણે પ્રતીજ્ઞા કરીને લખાવું છું કે—

મારૂં નામ ઉમર બાપનું નામ શીવા જાતનોં ઘાંચી ધંધો ખેતીનો રહેવાશી નાટાપુર.

પુછવાથી લખાવું છું કે શકરા લલુ પાસેથી ત્રણ હોડકીયો રાખી હતી તે મારે ત્યાં બે ત્રણ દહાડા રહી પછી એ ત્રણ હોડકીયો મારો જમાઇ આદમ રસીદ લેઇને વેચવા ગયા હું ઘેર નોહોતો હું બારીએ ગયેલો બારીએથી બે ત્રણ દાહાડે પાછો આવ્યો ત્યારે તે ઘેર નોહોતો બળદ છગન બાપુજીને ત્યાંથી ત્રણ વરસ ઉપર લીધેલાં તે બળદ ગાંમેતીને આપેલો મારો જમાઇ આદમ રસીદ ગાંમ અન્તેલે બે વાછરડીઓ શકરા લલ્લુવાળી વેચી આવ્યો હતો અન્તેલા ગામે કોલીને ઘેર વેચેલી કોળીનું નામ યાદ નથી ત્રીજી વાછરડી ગાંમ રેબારીમાં કાનજી ભાણાને ઘેર વેચેલી એ ત્રણે વાછરડીઓ હાલ હયાત છે જરૂર પડશે તો લાવીને રજુ કરીશ.

ત્રણે વાછરડીઓ રૂ. ૧૫—૮—૦ માં વેચાણ લીધી હતી તે પૈકી અન્તેલામાં બે વાછરડી તથા રેબારીમાં ત્રીજી વેચી તેના દરેકના સાત સાત રૂપીયા ઉપજેલા એ વાછરડીઓ કસાઇને ઘેર વેચી નથી અને કસાઇને ઘેર વેચ્યાનું મેં કદી કોઇના આગળ લખાવ્યું નથી આદમ રસીદ હાલ સાલીયામાં અત્રે નથી એ વાછરડી પૈકી કોઇ પણ ગોધરે કસાઇને

ત્યાં આપી નથી અને અમોએ ઘેર કસાઇના કામમાં વાપરી નથી અને કસાઇને ઘેર આપ્યાનું મેં કદી કોઇને લખાવ્યું નથી.

છગન બાપુજીનો બળદ બે ત્રણ વરસ ઉપર વેચાણ રાખેલો તે બળદ ગામેતીને વેચાણ આપેલો તે ગઇ સાલે મેં વેચાણ આપેલો તે ધાંણીના ખપમાં નહીં આવવાથી અનવરઅલીને વેચાણ આપેલો અનવરઅલી ઉમરાવઅલીને વેચાણ આપેલો તે બળદ મેં રૂપીયા સાડા અગીઆરમાં વેચાણ રાખ્યાની યાદ છે ગામેતીનો સાટામાં ગોધો લીધેલો હું ધાંણીનો ખેતીનો તથા ઢોર વેચવાનો ધંધો કરૂં છું કસાઇનો ધધો કરતો નથી તેમજ કસાઇને ઢોર વેચ્યાં નથી અને કદી વેચતો નથી જીવા શીવા મારો ભાઇ થાય છે તેણે છગન શેઠને ત્યાંથી ગાય લીધી હતી કે નહીં તેની મને ખબર નથી તે વાત જાણુતો નથી મેં ત્રણ વાછરડીઓ સતાવીશ રૂપીયામાં વેચી નથી અમારા બધાની જુબાનીઓ રણછોડ દેસાઇએ લીધી તે વખતે મગન લલુ હાજર નોહોતો પણ જુબાનીઓ થયા પછી તલાટીએ ચીઠી લખીને તેને બોલાવેલો તા. ૨૭ મી માહે મે સને ૧૯૧૨ હું મારી સહી કરી જાણુતો નથી.

આ જુબાની આ સાક્ષીએ પંચના રૂબરૂ લખાવી તે મેં તેના કહેવા પ્રમાણે લખી લીધી અને તેને વાંચી બતાવતાં તેણે તે કબુલ રાખી છે. તા. સદર.

Shah Mahasukh N

હું મારા ધરમ પ્રમાણે પ્રતીજ્ઞા કરી લખાવું છું કે—

મારૂં નામ સૈયદ વજીરઅલી ઉમરાવઅલી જાતે સૈયદ ઉમર આશરે વરસ ૪૫ વરસની.

પુછવાથી લખાવું છું કે વજીર મહમદ નામનો કોઇ ઇનામદાર નથી મેં પાયછત પરદેશીની ગાય લીધેલો નહીં અને અમે કોઇ ઢોર ખોટા કામમાં વાપર્યાં નથી ગોધરાના કોઇ વાણીયા આગળ મેં આ બાબતની જુબાની આપી નથી જો કોઇએ મારી જુબાની લીધી છે એમ કહેતો હોય તો તે જુઠું છે. તા. ૨૩ મી માહે મેએ ૧૯૧૨.

સૈયદ વજીરઅલી ઉમરાવઅલી સહી દા. સૈયદ ઇમામઅલી વજીરઅલી.

આ જુબાની આ સાક્ષીએ પંચની રૂબરૂ લખાવી તે મેં તેના કહેવા પ્રમાણે લખી લીધી અને તે તેને વાંચી બતાવતાં તેણે તે કબુલ રાખી છે. તા. સદર.

Shah Mahasukh N.

હું મારા ધરમ પ્રમાણે પ્રતીજ્ઞા કરી લખાવું છું કે—

મારૂં નામ પાયછત બાપનું નામ જાલમ જાતે પુરવીઓ બ્રાહ્મણ ઉમર આશરે વરસ ૨૮ ની.

પુછવાથી ઝાહેર કરી લખાવું છું કે મેં મુસા સદીકને ગોધો વેચ્યો નથી મુસા સદીકને મેં બીજું કોઇ ઢોર વેચ્યું નથી મેં ઇનામદાર સુજાતખાં કે વજીરઅલીને કદી ગાય વેચાણ આપેલી નથી.

જીવા શીવાનો સાળો બુચીયાનો છોકરો મુસો એક ગાય તથા બળદ લેઇને જતો હતો તે ગોધરાના ઘાંચીના ઢોર હતાં તે અમે લેઇ જતાં દીઠાં એ ઢોર ઘરડાં હતાં અને અમને લાગ્યું કે એ ઢોર કસાઇને ઘેર જશે તેથી અમો હવાલદારને બોલાવી લાવ્યા તેમાં તકરાર થઇ તેથી જીવા સીવા આવ્યો ને કહેવા લાગ્યો કે તમો પાયછત અમીચંદ બાપુજી તથા શકરા લલ્લુ તથા માહાસુખ નાથજીને જોઇ લઇશ તમોએ મારા સાળાને માર ખવડાવ્યો છે માટે તમોને જોઇ લેઇશ મારે ત્યાં એક ગોધો હતો તે ગોધો મુસા સદીક વેચાણ લેવા આવ્યો હતો પણ મેં તે ગોધો તેને વેચાણ આપેલો નહીં તે ગોધો મારે ત્યાં એક મહીના ઉપર મરી ગયો છે તા. ૨૩ મી માહે મેએ ૧૯૧૨ હું મારી સહી કરી જાણુતો નથી જીવા સીવાના સાળા જોડે તકરાર થઈ તે વખતે હું અમીચંદ બાપુજી શકરા લલ્લુ તથા માહાસુખ નાથજી હાજર હતા.

આ જુબાની આ સાક્ષીએ પંચના રૂબરૂ લખાવી છે તે મેં તેના કહેવા પ્રમાણે લખી લીધી હતી અને તે તેને વાંચી બતાવતાં તેણે તે કબુલ રાખી છે. તા. સદર.

Shah Mahasukh N.

મારા ધરમ પ્રમાણે પ્રતીજ્ઞા કરી લખાવું છું કે—

મારૂં નામ કાલુ જમાલ રહેવાસી નાટાપુર જાતે ઘાંચી ઉમર આશરે વરસ ૩૫ ની.

હું મારી મેળે ખુશીથી લખાવું છું કે વાંણીઆ માહાસુખ નાથજી આ ગામના તળાવનાં માછલાં મારતાં અમારા ઘાંચી લોકોને ઘણી વખતે રોકે છે અને છગન બાપુજી તથા માહાસુખ નાથજી વીગેરે શ્રાવક વાણીયા અમારાં ઢોરાં વેચાણ કરવામાં હરઘડી હરકત કરે છે તેથી આ ઘાંચી લોકોએ જુઠો તોહોમત તેમના ઉપર મુકયાં છે જીવા સીવાનો સાળો મુસો જમાલ ઘાંચીનો દાઢીઓ થઇને ઢોરાં હાંકી લેઇ જતો હતો તે વખતે સ્ટેશન ઉપર રૂપા પટેલને ત્યાં સીપાઇ આવેલો તે વખતે અમીચંદ બાપુજી તથા માહાસુખ નાથજી ત્યાં બેઠા હતા તે વખતે ઢોરને માટે સીપાઇએ મુસાને માર્યો ત્યારે મુસાએ કહ્યું કે અમીચંદભાઇ તથા માહાસુખ મને ચાડી કરીને શું કરવા માર ખવડાવો છો તે અદાથી એનો બનેવી જીવા શીવાએ કહ્યું કે તમારા ઉપર ફરીયાદ કરીશ હું જીવા સીવાની પાસે એકજ મહેલામાં રહું છું અને એણે ઓણ સાલ છગન બાપુજી પાસેથી કોઇ ગાય વેચાણ રાખી નથી તા. ૨૩ મી માહે મેએ ૧૯૧૦.

કાલુ જેમાલ સહી દા. કાલુ રહીમ.

આ જુબાની આ સાક્ષીએ પંચના રૂબરૂ લખાવી અને તે મને ના કહેવા પ્રમાણે લખી લીધી અને તે તેને વાંચી બતાવતાં તેણે તે કબુલ રાખી. તા. સદર.

Shah Mahasukh N.

હું મારા ધરમ પ્રમાણે સોગન ખાઇને લખાવું છું કે—

મારૂં નામ જીવા શીવા જાતે ઘાંચી ઉમર આશરે વરસ ૪૦ રહેવાસી નાટાપુરનો.

પુછવાથી લખાવું છું કે મેં છગન બાપુજી પાસેથી એક ગાય વેચાતી લીધેલી ગયા ભાદરવા મહીનામાં લીધેલી રૂ. ૯ માટે લીધેલી રોકડા આપીને લીધેલી એ ગાય વેચાણુ લેવામાં કોઇ વચમાં રાખેલો નહીં એ ગાય વેચાણુ લીધાની વાત બીજું કોઇ જાણતું નથી હું ઘાંણી ખેતી તથા ઢોરાં વેચવાનો ધંધો કરૂં છું હું નાંમું રાખતો નથી એ ગાય વાહેલી લીધેલી એને વાછરડી હતી પછીથી એ વાછરડી મરી ગઇ વેચાણુ લીધા પછી દશ બાર દાહાડામાં એ વાછરડી મરી ગઈ ત્યાર પછી મને જણાયું કે એ ગાય ખડણુ છે એટલે દુધ દેતી નોહોતી તેથી એ ગાય મેં છગન બાપુજીને પાછી લેવાનું કહ્યું અને કહ્યું કે બે રૂપીયા ઓછા પાછા આપો એમણે એ ગાય પાછી લેવાનું ના કહ્યું પછી એ ગાય લેઇને ગોધરે ગયો અને ગોધરે એ ગાય ઘાંચીને વેચી દીધી અને રૂ. ૧૧ માટે વેચી એટલે રૂ. ૨ નો મને નફો મળ્યો ગોધરે જે ઘાંચીને મેં ગાય વેચી તેનું નામ જાણુતો નથી ગોધરે ગાય લેઇ ગયો તે વાત બીજું કોઇ જાણતું નથી ગોધરે ગયા પછી અસમાલ હાજી મને મળ્યો એની અટક મદારાની છે એણે મને પુછયું કે ગાય આપવાની છે ત્યારે મેં કહ્યું કે મુલ બનશે તો આપીશ. એણે રૂપીયા છ સાત આપવાના કહ્યા તેથી મેં ના આપી પછી બીજો એક ઘાંચી મળ્યો. તેણે રૂપીયા અગીયાર આપવાના કહ્યાથી તેને મેં વેચાણુ આપી જે ઘાંચીને મેં અગીયાર રૂપીએ ગાય વેચી તેનું નામ ઠામ જાણુતો નથી. એ ગાય છગન શેઠની દુકાનેથી મને દોરી આપી મારે છગન બાપુજી સાથે લેવડ દેવડ નથી ઈસ્માલમદારો સાલીયા નાટાપુરમાં વેપાર કરે છે એનું ઘર અહીંયાં છે અને ગોધરામાં પણુ છે આ ગાય વેચાણુ લીધા પછી પંદર દાહાડે વેચી હતી દીવાળી પછી કેટલાં ઢોર મેં વેચાણુ લીધાં તે કહી શકું નહીં છગન બાપુજી પાસેથી ત્યાર પછી કાંઇ ઢોર મેં વેચાણુ લીધુ નથી મેં ગોધરે જઇને બીજું કોઈ ઢોર વેચ્યું નથી હું જે ઢોર વેચાણુ લેતો તે અહીંયાંના ઇસ્માલ મદારાને વેચતો (શાલીયા એકે વેચતો) ગોધરે જઇને બીજું કોઇ ઢોર વેચ્યું નથી રૂપીયા નવ મારા ઘરમાંથી કાઢેલા હું અહીંયાં બુરા ભાઇચંદની જમીનમાં રહું છું મેં જે ગાય લીધેલી તે બે વેતરની હતી જે ઘાંચીને મેં ગાય વેચી તે ઘાંચી શો ધંધો કરે છે હું જાણુતો નથી આજે સવારે હું મેરપ ગયો હતો ત્યાંથી બાર વાગે હું પાછો આવ્યો હતો પરસોતમ ભાઇ-

ચંદ આજે અહીંયાં છે કે નહીં તે જાણુતો નથી. ઉમર શીવા મારો બાઇ થાય છે તેની દીકરી બોડી નામે છે એ બોડી ત્રણુ છોકરાંની મા છે ગોધરેથી પ્રથમ બે વાણીયા જ્યારે મારી જુબાની લેવા આવેલા ત્યારે તે બોડી હાજર હતી અને જ્યારે મેં તે વખતે લખાવ્યું કે છગન બાપુજી પાસેથી એક ગાય વેચાતી લીધેલી ત્યારે બોડી બોલી ઉઠી કે કાકા તમે છગન શેઠની ગાય કયાં વેચાણુ લીધી હતી પણુ એના જાણુવામાં એ વાત નોહોતી તેથી તે એવું બોલેલી મેં છગન શેઠની ગાય પાછી આ-પવા માંડી ત્યારે તેણે યહ્યું કે મારે રાખવી નથી તારે પરવડે ત્યાં વેચી દે જ્યારે છગન પાસેથી ગાય વેચાણુ લીધી ત્યારે એમની દુકાને એમના ભાઇ અમીચંદ કે એમનો ગુમાસ્તો મગન કોઇ નોહોતુ તેમજ ઘરાક પણુ નોહોતું બે ત્રણુ દાહાડાથી જાણતો હતો કે છગનની દુકાને ગાય વેચવાની છે તે વખતે એમની દુકાને બે ગાયો હતી વેચાણુ લીધા પેહેલાં બે ત્રણુ દાહાડા અગાઉ હું છગનની દુકાને આવેલો ત્યારે ગાય જોઇ હતી ત્યારે મેં કહ્યું કે છગન શેઠ ગાય આપશો ત્યારે છગને કહ્યું કે બનશે તો આ-પીશ. તે પછી ગાય વેચાણુ લીધાને દાહાડે એમની દુકાને આવેલો વેચા-ણુને દીવસે છગને પેહેલાં રૂ. ૧૫ પંદર માંગેલા મેં પ્રથમ રૂ ૭ સાત આપવા કહેલા પછી છેવટે નવ ઠર્યા તરતજ નવ રૂપીયા છગનને આપ્યા મારી પાસે ફક્ત નવ રૂપીયા તે વખતે હતા વતા કે ઓછા નોહોતા તે દાહાડે રૂ. ૨૦-૨૫ મારા ઘરમાં હતા મેં છગન શેઠને ત્યાં કહ્લાં જોડો ચાંદીનો મુકીને રૂપિયા લીધા છે ત્રણુ વરસ ઉપર આશરે રૂપિયા બાર લાવેલો છું તે હજુ છોડાવ્યો નથી એ રૂપીયાનું વ્યાજ શા પ્રમાણે કર્યું છે તે યાદ નથી એ કહ્લાં જોડો આશરે રૂ. ૧૮ ભારનો છે ઉપર પ્રમાણે મારી હકીકત છે.

તા. ૨૩ મી માહે મેએ ૧૯૧૨ હું મારી સહી લખી જાણુતો નથી.

આ જુબાની આ સાક્ષીએ પંચના રૂબરૂ આપી તે મેં તેના કહેવા પ્રમાણે લખી લીધી અને તે તેને વાંચી બતાવતાં તેણે કબુલ રાખી છે. તા. સદર.

Shah Mahasukh N.

મારા ધરમ પ્રમાણે પ્રતીજ્ઞા લખાવું છું કે—

મારૂં નામ જવરા સુરતા રહેવાસી ગાંમ સાલીયાનો ઉમર ૪૫ વરસની શંકરલાલને ઓળખું છું મારૂં ખાતું એમને ત્યાં હતું તેથી ઓળખુંછું ગઇ સાલ મેં મારૂં ખાતુ ચુકવી આપ્યું છે તેમાં મે વાછરડી નંગ ૧) રંગે ભુરી રાતી વરસ અઢીની આપી હતી તેમજ ઘઉં મણ ૨ાા તથા બળદ નંગ ૧) રંગે ધોળો આપ્યો હતો હાંગેર મણ ૬ાા એટલું આપીને નીકાલ કરેલો બળદ વેચાણ લીધેલો તે વાછરડી મારા ઘરની ઉછેરની હતી નીકાલ ગઈ સાલ જેઠ મહીને મેં કર્યો હતો બળદ મેરપના કોળીને શેઠના કહેવાથી દોરી આપ્યો હતો ને વાછરડી દીવાળી પછી શેઠના ચાકર નામે મોતી ઘાંચી ઉમર સીવાને લેઇને આવેલો તેને દોરી આપી હતી વાછરડી દોરી આપી તે દિવસે હું ઘેર નહોતો પણ મારી બૈરીએ દોરી આપી અને તેના કહેવાથી હું જાણું છું ઉતાસણી પેહેલાં ને દીવાળી પછી એ અરસામાં દોરી આપી હતી વાછરડી દોરી આપી તે વખતે શરીરે મજબુત હતી આ વાછરડી ઓળખવા માટે મને તા. ૨૫–૫–૧૯૧૨ ના રોજ શંકરલાલ મને ગામ રેબારી તેડી ગયેલા મારી સાથે મુસા રસીદ હતો ગામ રેબારી તલસી કાનજીને ત્યાં જોઈ તલશી કાનજીને ઓળખું છું વાછરડી મારા ઘરની ખંડેલી તેજ છે બીજી બે વાછરડીઓ પૈકી ૧ ગાંમ હેન્ડોલીયામાં ભીલને ત્યાં જોઇ તે વાછરડી મારા ભત્રીજા જવરા ખુશાલના ઘરની રંગે લીલી છે ને તેને હું ઓળખુ છું કારણ કે મારૂ અને મારા એ ભત્રીજાનું ઘર નજીક છે બીજી નંગ ૧) વાછરડી ગાંમ અન્તેલામાં જોઇ તે રંગે ધોળી ભુરા ખુશાલના ઘરની હતી તે નજરે જોઇ તેથી ઓળખુંછું ભુરા ખુશાલ મારો ભત્રીજો થાય છે એ રીતે ત્રણે વાછરડીઓ મે નજરે જોઇ આ હકીકત લખાવી છે તા ૨૬–૫–૧૯૧૨

હું મારી સહી કરી જાણુતો નથી.

આ જુબાની આ સાક્ષીએ પંચ રૂબરૂ લખાવી અને તે મેં તેના

કહેવા પ્રમાણે લખી લીધી અને તે તેને વાંચી બતાવતાં તેણે તે કબુલ રાખી તા. સદર.

શા. પાનાચંદ નરસીંહદાસ સહી દા. પોતે

મારૂં નામ મુસારસીદ ગાંમ સલીયાનો ઉમર આશરે વર્ષ ૨૦.

હું શંકરલાલને ઓળખું છું શંકરલાલ પાસેથી વાછરડી નંગ ૩ ઉમર સીવા લાવેતો તે વાછરડીઓ ઉમર સીવા એમને દાદીઓ કરી વેચવા મોકલેલો મને રૂ. ૦ાા આપવાનો કરીને મોકલ્યો હતો ઉમર સીવા મારો વેવાઇ થાય છે. વાછરડી નંગ ૧) ગામ રેબારી મધે પટેલ તલસી કાનજી ભાંણા ને ત્યાં વેચેલી રૂ. ૬માં વેચેલી વાછરડી રંગે ભુરી રાતી હતી ઉમર આશરે અઢી વરસની હતી વાછરડી નંગ ૧) ગાંમ હેન્દોલીયામાં વેચી ભીલ ભાઇલા કાગુ હઠીલા અટક છે તેને ત્યાં વેચી હતી રૂ. ૭ માં વેચી હતી રંગે લીલી હતી આ વાછરડી રાા વર્ષની હતી મોઢીયું લીલુ છે ત્રીજી પટેલ નારસીંગ બાધર ગામ અન્તેલા માલુ ફલીયામાં રહે છે તેને ત્યાં રૂ. ૮માં વેચેલી રંગે ધોળી હતી ઉભી સીંગડીની હતી અઢી વરસની હતી આ વાછરડીઓ શંકરલાલને ત્યાંથી વેચાતુ લીધા પછી બે ત્રણ દિવસ ઘેર રહેલી તેથી હું ઓળખું છું વાછરડીઓ દીવાળી પછી મારા ભાઇ આદમને લેઇ હું વેચવા ગયેલો ત્રણે વાછરડીના રૂપીયા રોકડા લઇ વેચી છે ઉપરની ત્રણે વાછરડીઓ જોવા મને શંકરલાલના તેડી જવાથી તેમની સાથે હું તા. ૨૫-૫-૧૯૧૨ના રોજ ગએલો ને ઉપર લખેલાં ત્રણે ગાંમ જઈ નજરે જોઇ આવ્યો છું અને તે હયાત છે આ હકીકત લખાવી છે તે ખરી છે અને હું મારા ઇમાન ધરમના સોગન ખાઈ લખાવું છું તા. ૨૬-૫-૧૯૧૨ હું મારી સહી કરી જાણતો નથી.

આ જુબાની આ સાક્ષીએ પંચ રૂબરૂ લખાવી તે મેં તેના કહેવા કહેવા પ્રમાણે લખી લીધી અને તેને વાંચી બતાવતાં તેણે તે કબુલ રાખી તા. સદર.

પાનાચંદ નરસીદાસ સહી દા. પોતે.

હું મારા ધરમ પ્રમાણે પ્રતિજ્ઞા કરી લખાવુંછું કે:—

મારૂ નામ શંકરલાલ મારા બાપનું નામ લલું ધરમે જૈન ઉમર આશરે વર્ષ ૩૫ ની રહેવાસી ગોધરા પણ હાલ સાલીયામાં પુછવાથી લખાવુંછું કે ઉમર સીવાને ઓળખુંછું મેં ત્રણ વાછરડીઓ ઉમર સીવાને રૂ. ૧૫-૮-૦ માટે સંવત ૧૯૬૮ના કારતક સુદી ૧૫ને રોજ વેચાણ આપેલી એ વાછરડીઓ અઢી અઢી વર્ષની તથા દોઢ વર્ષની ઉમરની હતી એ વાછરડીઓ ઉમર સીવાએ કોળી લોકોને ત્યાં વેચી છે એ ઢોર સારી હાલતનાં હતાં તેથી કસાઇને ત્યાં જાય તેવાં નોહોતાં એ ઢોર કસાઇને ત્યાં વેચાયા નથી એ ત્રણ વાછરડી પૈકી એક વાછરડી ઉમરશીવાએ હુંધાલીયામાં ભીલને ત્યાં વેચી છે બીજી બે વાછરડીઓ અન્તેલા ગામમાં કોળીને ત્યાં વેચી છે અને તે બધી હયાત છે ભીખા સદીકને હું ઓળખુંછું મેં તેને કોઈ ગાય વેચાણ આપી નથી પણ ૧૯૬૮ના કારતગ સુદી૧૧ ના રોજ એક હોડકી વરસ ૩ની ઉમરની પટેલ સુથાર વજારામાને ગામ મોરવાવાળાને રૂ. ૭ માટે વેચાણ આપેલી છે ઘાંચી ભીખા સદીકની સાખે આપેલી છે તેનું નાંમું મારા સુડીયાના ચોપડામાં પાને ૨ જે લખેલું છે તેનો ઇન્તેખાબ રજુ કરૂં છું આ હોડકી મે ભીખા સદીકને વેચેલી નહીં તેમજ તેના રૂપીયા સાત માટે વજા રામાનો એ ભીખો જામીન પણ થયો નોહોતો ફક્ત એ વેચાણ આપ્યાનો માત્ર સક્ષી હતો કદાચ ભીખો વજા રામાના તરફથી દલાલ હોયતો તેની મને ખબર નથી મે એને કાંઇ દલાલી આપી નથી સંવત ૧૯૬૮ ના કારતગ વદી ૫ ના રોજ મેં એક ગાય પટેલ ગમજી ધાખુ ઝાબકુવાવાળાને રૂપીયા નવ માટે વેચાણ આપી છે તેમાં મારફતે ભીલ પુંજા ગમા ખાબડાના તથા ઘાંચી જીવા સીવા મારફતે આપી છે એવું મારા સુલ પાને લખ્યું છે. જીવા સીવાના સાળાની સાથેની તકરારની જે વાત માહાસુખ નાથજીએ લખાવી છે તે વાત ખરી છે ભીખા સદીકને ૧૯૬૭ના અશાડથી ૧૯૬૮ના ફાગણું ચૈતર વૈશાખ સુધીમાં કોઇ પણ ઢોર વેચ્યું નથી (આ બાબતની આ સખ્સના ચોપડા પંચે તપાસી પુરી ખાત્રી કરી લીધી છે) તા. ૨૯ મી માહે મેએ ૧૯૧૨

ઉપર લખાવેલી હકીકત ખરી છે. શ્રા. શંકરલાલ લલુ સહી દ. પોતે

શંકરલાલ લલુનો સુડીઆનો ચોપડો પાનું: ૨ સંવત ૧૯૬૮

પટેલ સુતાર વણઝારામા ગાંમ મોરવાના સંવત ૧૯૬4ના કારતગ સુદી૧૧.

જ	ઉ
૧ રોકડા બાના પેટે જમે ૬ રોકડા કલદાર હ. ભીખો ધ્રાંચી ૭	૭ સાત કાલી હોડકી નંગ ૧) વરસ ત્રણના આશરાની તમોને વેચાણ આપી છે દા. પોતે તથા ધ્રાંચી ભીખા સદીકની સાખે આપી છે. ૭

મારા ધરમ પ્રમાણે પ્રતીગ્ના લખાવુંછું કે:—

મારૂં નાંમ માહાસુખ નાથજી ધરમે જૈન ઉમર ૩૬ રહેવાસી નાગપુર.

પુછવાથી લખાવુંછું કે ઉમર સીવાને ઓળખુંછું તેને મે કાંઇ ઢોર વેચાણ આપ્યાં નથી પણ કાલુ રહીમને ૧૯૬૮ના કારતગ સુદી ૩ ના રોજ ત્રણ ગોધા એક વાછરડો એક વાછરડી અને બે હોડકીઓ કુલ સાત નંગ રૂ. ૩૪-૪-૦ માટે વેચાણ આપેલાં છે ગોધા વગર ૫ લોટાપલો બે અઢી ત્રણ વર્શનો હોય છે વાછરડો બાર મહીનાનો હોય છે હોડકી બે અઢી ત્રણ વર્શની હોય છે જ્યાં સુધી નાવહાય ત્યાં સુધી હોડકી કહે વાય છે વાહયા પછી એને ગાય કહે છે મારા ચોપડામાં કોને વેચાણ આપ્યાં તેનું નાંમ નથી ખોટા કામમાં એ ઢોર નહીં વાપરવાની કબુલત મે એની પાસેથી લખાવી લીધી નથી કાલુ રહીમ તથા ઉમર સીવા કસાઇનો ધંધો કરતો નથી. પણ ઢોરાં વેચવાનો તથા ખેતીનો ધંધો તેઓ કરે છે એ ત્રણ ગોધા કાલુ રહીમે વણઝારા દાનાને અસાડીવાળાને વેચાણ આપ્યાં છે અને તે ગોધા હજુ હયાત છે એ વાછરડો કાલુ રહીમે માતરીયાના પાડસીંગ હુકાને વેચાણ આપ્યાં છે અને તે હયાત છે એ વાછરડી રામા ગામમાં એક કોલી નામે ધોરીને ત્યાં કાલુએ વેચાણ આપી છે તે હજુ હયાત છે એક હોડકી જેઠા વાણીયાને કેલોદ ગામમાં વેચી છે તે પણ કાલુએ વેચી છે બીજી હોડકી એણે પરતાપ પરે ભીલ કાલુને તે વેચી છે તે પણ હયાત છે મારાં ઢોર કસાઇને ત્યાં વેચાયાં તે વાત તદન

જુઠ છે ગોધરાના ઘાંચી ઉમરજી એ સાલીયામાં એક બળદ તથા એક ગાય નબળી હાલતના વેચાણુ લીધેલા તે જીવા સીવાનો સાળો મુસલો ગાંડો સાળાએથી ગોધરે લેઇ જતો હતો તે સુંથરોડ લાવેલો રસ્તામાં અમે સાંમા મળ્યા હું અને, શંકરલાલ લલુ તથા અમીચંદ બાપુજી રસ્તામાં એ ઢોરને સામા મળ્યા તેથી અમોએ એ ઢોર કસાઇને ત્યાં જશે એવો વહેમ આવવાથી એ ઢોર છોડાવવાની માંગણી કરી તેમાં અમારે એની સામે તકરાર થયેલી તે દરમ્યાન એ બે ઢોર પૈકી એક ત્યાંજ મરી ગયું અને બીજું ઢોર એ લેઇ ગયો મદારાવાળા ઘાંચીના ઘરમા ચામડાં તથા હાડકાં હતાં તે ગંધાતાં હતાં તેથી પોલીસે પંચકયાસ ગયા ફાગણ ચૈતરમાં કરેલો તેમાં હું એક પંચ હતો બીજો પંચ અમીચંદ બાપુજી હતો અમીચંદ બાપુજી તે છગન બાપુજીનો ભાઈ થાય આ બાબતથી અમારા ઉપર એ લોકો અદાવદ રાખે છે મદારો ઘાંચી છે તે ઉમર સીવા તથા જીવા સીવા સાથે લેણુદેણુ કરે છે તા. ૨૮ મી માહે મેએ ૧૯૧૨.

શા. માહાસુખ નાથજી સહી દ. પોતે ઉપરની હકીકત બરોબર છે.

હું મારા ધરમ પ્રણાણે પ્રતીજ્ઞા કરી લખાવું છું કેઃ—

મારૂં નામ છગન બાપુજી મારો ધરમ જૈન મારી ઉમર આશરે વર્શ ૪૫ ની જાતે વીશાની શ્રાવક વાણીઆ રહેવાસી ગોધરા પણુ હાલ નાગપુર.

સવાલના જવાબમાં લખાવું છું કેઃ—

હું જીવા સીવાને ઓળખું છું તે નાટાપુરનો ઘાંચી છે તે ઘાંણીનો તથા ખેતીનો તથા ઢોરાં ખરીદ કરી કોળી ખેડુતોને વેચાણુ કરવાનો ધંધો કરે છે હું ઉમર સીવાને ઓળખું છું તે ઘાંણીનો ખેતીનો તથા ઢોરાં ખરીદ કરીને કોલી ખેડુતોને વેચાણુ આપવાનો ધંધો કરે છે. મે ઉમર સીવાને એક બળદ ૧૯૬૫ના અસાડ સુદી ૬-૭ ના રોજ રૂ. '૧૨-૪-૦માં વેચાણુ આપેલો તે બળદ મોતી વાલાને ત્યાંથી મારા લેહેણામાં ખંડેલો તે રંગે રાતો હતા રૂ. ૧૨-૪-૦ રોકડા મળેલા નહીં પણુ તેના અવેજમાં ઉમર સીવાએ પોતાની રૂપાની હાંસડી તોલા ૧૭ ભારની મારે ત્યાં અવે-

જની જામીનગીરીમાં મુકેલી તે હાંસડી મેં તેની પાસેથી રૂ. ૧૨-૪-૦ મુદ્દલ તથા ૦-૮-૦ આઠ આના બ્યાજના લેઇને સંવત ૧૯૬૭ના ફાગણ શુદી ૮ ના રોજ તેને પાછી આપી છે આ બાબતનું મારા ચોપડાનું નાંમું હું તમને બતાવું છું અને ઇન્તેખાબ રજુ કરૂં છું. ઉપર લખેલો બળદ ઉમર સીવાએ ૧૯૬૫ની સાલમાં ચોમાસામાં ખેતી કરવા લીધેલો તે બળદથી એ ચોમાસામાં તેણે ખેતી કરેલી ત્યારબાદ ૧૯૬૬માં એ બળદ તેણે સૈયદ અનવરઅલી ઉમરાવઅલીને વેચાણ આપેલો તેમણે પણ તે બળદની મદદથી ખેતી કરેલી પછી તે બળદનું શું થયું તેની મને ખબર નથી જીવા સીવાને મેં ગાય વેચી નથી પણ ૧૯૬૫-૬૬ની સાલમાં મેં તેને મજુરીના બે આના આપવા કરીને મારી ગાય રસુલપુરના પટેલ કાળુ ગભાને ત્યાંથી મંગાવેલી તે બે આનાના ચોખા મેં તેને આપેલા તે ગાય હજુ મારા ઘેર છે જ્યારે ગીરધરલાલ મોરારજી તથા મંગળ કોદરલાલ સાલીયે જુબાની લેતા હતા ત્યારે ઉમરની દીકરી આસરે ૨૦-૨૨ વર્ષની છે તે બોલી ઉઠી કે કાકા આપણે છગન શેઠની ગાય ક્યાં લીધી છે? ૧૯૬૫ના ભાદરવા પહેલાં કેટલીક મુદત ઉપર જીવો રૂપાનાં કલ્લાં જોટા ૧) રૂ.૧૮। ભારનો બે વખત થઇને મુકીને રૂ. ૧૨॥।≈ા લેઇ ગયેલો તે લહેણાની મારે એની સાથે ઘણી વખત તકરાર થયેલી છતાં હજુ એ રૂપીયા મને મળ્યા નથી આ ઘાંચી લોકોને હમે એમના મનમાંનતું ધીરીએ નહીં તેથી તેઓ છોશ રાખે છે અને બ્યાજ તથા ભાવની હમેશાં તકરાર થયાં કરે છે તેથી હવે અમે એમની જોડેનો વ્યવહાર બન્ધ પાડયાં છે જીવા સીવાનું ખાતું મારા ચોપડામાં છે મેં ૧૯૬૮ના કારતગ સુદી ૧૧ના રોજ એક વાયલી ગાય વાછેડી સાથે રૂ. ૧૨। માં બારીયા ગેંદાલ સાયકણુને વેચાણ આપેલી છે ૧૯૬૮ના ચૈતર વદી ૧૩ના રોજ મેં એક બળદ રૂ. ૨૧। માટે ડાયશ ભુરા વીરાને વેચાણ આપ્યો છે તેનો દાખલો મારા નોંધ પાને ૩૧૯માં છે તે હું તમને બતાવું છું ૧૯૬૮ના ચૈતર વદી ૧૩ના રોજ હોડકી નગ ૧) મેં પટેલ બખિર સુકાને રૂ. ૮ માટે વેચાણ આપી છે તેનો દાખલો રોજમેળ પાને ૨૩ માં છે ૧૯૬૮ના વૈશાખ સુદી ૬ના રોજ એક બળદ રૂ. ૨૫ માટે મેં વણકર દુધા મેઘાને વેચાણ આપ્યાં છે તે સીવાય બીજા કાંઇ ઢોર ૧૯૬૮ની સાલમાં મે બીજા કોઇને વેચ્યાં નથી સંવત ૧૯૬૮ના

વૈશાખ સુદી ૧૩ના રોજ રૂા. ૧૩ા માટે ગોધો એક મેં પાડસીંગ માનાને વેચાણુ આપ્યો છે તેનો દાખલો નોંધ પાને ૩૨૧માં છે મેં ૧૯૬૭ ના અસાડથી ૧૯૬૮ના કારતગ મહીના સુધીમાં કોઇ પણુ ગાય જીવાસીવાને વેચી નથી મારી દુકાને હમેશાં મારો ભાઇ અમીચંદ બાપુજી તથા બે ગુમાસ્તા મગન ગોકળ તથા મણીલાલ જગજીવન તથા હું તથા તેજીઓ ચાકર હમેશાં રહીએ છીએ દલસુખ બાપુજી મારા મોટાભાઇ થાય છે તે સાલીયા નાટાપુરની દુકાનનો વહીવટ કરતા નથી તે ગોધરાની દુકાનનો વહીવટ કરે છે નાટાપુરની દુકાનનો વહીવટ હું તથા મારા મોટા ભાઇ અમીચંદ કરીએ છીએ ૧૯૬૭ના ભાદરવા સુદી ૧૧ના રોજ એક ભેંસ મેં રૂ. ૪૭ા માટે તલસી વેલજીને વેચાણુ આપી છે ૧૯૬૭ના ભાદરવા વદી ૧૧ના રોજ રૂ. ૪૬ા માટે એક ભેંસ બીજલ અખમને વેચી છે ૧૯૬૭ના ભાદરવા વદી ૦))ને રોજ રૂ. ૪૬ માટે એક ભેંસ સીંવકણુ નારસીંગને વેચી છે ૧૯૬૭ના આસો સુદી ૪ના રોજ રૂ. ૪૪ા માટે એક ભેંસ પટેલ ખુમા ભાણુાને વેચી છે ૧૯૬૭ના આસો સુદી ૫ના રોજ રૂ. ૪૭ માટે એક ભેંસ મીઠા મેઘાને આપી છે. ૧૯૬૭ના આસો સુદી ૫ના રોજ એક ભેંસ રૂ. ૩૪ા માટે સાજોહાવાળા કોળીને આપી છે ૧૯૬૭ના આસો સુદી ૮ના રોજ રૂ. ૫૪ માટે ભેંસ નંગ ૧) પટેલ રાઘુ રૂપાને આપી છે આસો સુદી ૧૨ના રોજ ભેંસ [નંગ ૧) રૂ. ૫૦ માટે પટેલ બીજલ અખમને આપી છે રૂ. ૪૭ા મા ભેંસ નગ ૧) સુદી ૧૨ના રોજ ડવરા ગમાને આપી છે ૧૯૬૭ના અસાડ સુદી ૪ના રોજ રૂ. ૭૦ા માં ભેંસ નંગ ૧) પટેલ રામજી સાવકણુને વેચી છે અસાડ વદી ૩ના રોજ રૂ. ૩૩ામાં ગાય નંગ ૧) બારીયા લલુ ભગવાને વેચી છે ૧૯૬૭ના અસાડ સુદી ૧ના રોજથી આસો વદી ૦)) સુધીમાં આ શીવાય બીજાં કાંઈ ઢોર બીજા કોઇને વેચ્યાં નથી (ઉપરની તમામ હકીકતની ખાત્રી પંચોએ આ માણુસના ચોપડા તપાસીને કરી છે) જીવા સીવાના ખાતાનું વ્યાજ એક રૂપીયે એક મહીને એક પૈસા પ્રમાણે છે તા. ૨૮મી માહે મેએ ૧૯૧૨.

આ જુબાની મારા લખાવ્યા પ્રમાણે બરોબર છે શા. છગન બાપુજી સહી દા. પોતે.

છગન બાપુજીની કાચી ટાંચણની ચોપડીની નકલ.

સંવત ૧૯૬૫ ના અશાડ સુદ ૭.

ઉમર શીવા

૧૨। બળદ નંગ ૧) તેને પેટે રૂપાની
વાસડી નંગ ૧, રૂ. ૧૭ ભારની.

છગન બાપુજીની ખાતાવહી પાને ૨૧.

ધાંચી ઉમર સીવા — સંવત ૧૯૬૫.

જમેનો સરવાળો પ॥॥= — ૧૨। નોંધ પાનું ૧૯૪ અસાડ સુદી ૭ બ-
ળદ નંગ ૧) વાંસડી ઉર રૂ. ૧૭ભાર.
ઉધારનો સરવાળો ૭૧॥॥–।

પાને ૨૪ ઉમર શીવા.

જ	ઉ
જમેનો સરવાળો ૭૪॥=	બાકી લેહેણા પાને ૨૧
	૧૨। બળદના વાંસડી ઉપર ૧૯૬૫
	ના અસાડ સુદી ૭.
	૭॥= વાંડી ઉપર
	ઉધારનો સરવાળો ૮૮॥=॥ (૧૪,૦॥)
	બાકી.

પાનું ૨૬ ૧૯૬૭ ધાંચી ઉમર શીવા.

જ	ઉ
જમેનો સરવાળો ૪૦–।	ઉધારનો સરવાળો ૪૦–॥ તેની વીગત
	૧૪) ૦॥ બાકી.
	૦। ૦॥
	૧૭
	૦॥
	૮॥
	૪૦–।

પાનું ૨૬ ૧૯૬૭ ના જેઠ વદી ૧૩ ધાંચી ઉમર શીવા.

જ		ઉ	
૯-૦-૦	૧૯૬૮ ના કારતક વદી ૫ કલ્લાં જોડો પાછો.	૯	જેઠ વદી ૧૩ રોકડા કલ્લાં જોડા ઉપર.
		૫।	૧૯૬૮ ના પોસ સુદી ૨ રોકડા
		૧૨	૧૯૬૮ ના માહા વદી ૧૦ રોકડા કલ્લાં જોટો તથા વાંસડી ઉપર

છગન બાપુજીના ચોપડામાં ધાંચી જીવા સીવાનું ખાતું.

ખાતાવહી પાને ૧૯૦.

ધાંચો જીવા સીવા સંવત ૧૯૬૪.

જ		ઉ	
૨-૦-૦	૧૯૬૫ના માગસર વદી૦))	૬-૦-૦	૧૯૬૪ના જેઠ વદી ૧૩ કલ્લુ એક રૂ.૯ ભાર પેટે
૫-૦-૦	૧૯૬૫ના પોસ વદી ૧૨	૫-૮-૦	૧૯૬૪ના અસાડ સુદી ૧૩ કલ્લુ રૂ.૯ા ભારનું પેટે
૨-૦-૦	૧૯૬૫ના ફાગણ વદી ૧૦	૭-૦-૦	૧૯૬૪ના શ્રાવણ સુદી ૮ રૂપાનાં બલીયાં ૨) પેટે
૧૧-૨-૩	૧૯૬૫ના ભાદરવા વદી ૪	૮-૮-૦	૧૯૬૫ ના કારતગ વદી ૬ કલ્લાં જોટો ૧) તોલા ૧૬ ભારનો.
		૨-૦-૦	૧૯૬૫ ના માગશર વદી ૧૧
		૩-૧૫-૬	૧૯૬૫ ના ભાદરવા વદી ૧૪
૨૦-૨-૩		૩૨-૧૫-૬	

ધાંચી જીવા શીવા ખાતાવહી પાનું ૨૧ ૧૯૬૫ ના ભાદરવા.

જ	ઉ
૪-૮-૦	૧૨-૧૩-૩
૨-૦-૦	૪-૮-૦
	૨-૦-૦
૬-૮-૦	૧૯-૫-૩

તા ૨ જી મે ૧૯૧૨ ના રોજ ગીરધરલાલ મોરારજી તથા મંગળદાસ કોદરલાલના રૂબરૂ લેવાયલી જુબાની.

સંકરલાલ બદલ.

ઉમર સીવા માથે ખુદા રાખી કહે છે.

સ—શંકરલાલના ઢોરો કેટલાં રાખ્યા છે.

જુ—મે ઢોર ત્રણ રાખ્યાં છે.

સ—ઢોરમાં શું રાખ્યાં છે.

જુ—હોડકીઓ ન ૩) રાખી છે.

સ—કેવા રંગની હતીઓ.

જુ—ભુરી એકને લીલી ૨)

સ—કોને ઘેરથી દોરીઆપી.

જુ—૧ જવરા ખુશાલના ઘેરથી ૧) ભુરા ખુશાલના ઘેરથી ૧ જવરા સુરતા ઘેરથી.

સ—કયારે તમોને આપી હતી.

જુ—દીવાલી કેડે મામુખનાથજીના ઢોરાં આપ્યા પછી માસ એક કેડે.

સ—કેટલા કેટલા રૂપીઆમાં રાખી વતી.

જુ—રૂ ૬) છોના પુડે રાખી હતી.

સ—રૂપીઆ રોકડા આપ્યા કે શી રીતે.

જુ—રોકડા ત્રણ દીવસ પહેલાં આપ્યા ત્યાર કેડે ઢોરાં દોરી લાવ્યો.

સ—બધી થઇને રૂપીઆ કેટલા આપ્યા.

જુ—(જુમલે રૂ ૧૮ રોકડા)

સ—તમો રૂપીઆ ક્યાંથી લાવ્યા.

જુ—ધાંચી મુસા સદીકમદારાને ત્યાંથી.

સ—મુસામદારાને ત્યાંથી દેવા કરીને આપ્યા.

સ—ઢોરો હાલ હયાત છે કે નહી.

જુ—હાલ હયાત નથી.

સ—ઢોરો વેચ્યા કે નથી વેચ્યાં.

જુ—મે વેચ્યાં છે.

સ—કેટલા રૂપીઆમાં વેચ્યા છે.

જુ—રૂપીઆ રૂ ૨૭) માં ત્રણ વેચ્યા છે.

સ—કોને આપ્યાં.
જુ—તે મારો જમાઈ જાણે.
સ—રોકડેથી કે ઉધારથી.
જુ—રોકડેથી.
સ—જુ રૂ૧૮) મહારાને ત્યાંથી લાવ્યો હતો તેને ચુકવી દીધા છે.
સ—મહારાને ત્યાંથી રૂપીઆ લાવ્યાને કેટલા દીવસ કેડે આપ્યા.
જુ—પંદર દીવસ કેડે આપી દીધા.
સ—હવે તમે ઉપરની બીના સીવાય કાંઈ પણ શકરલાલ બદલ જાણોછો.
જુ—તે હું જાણુતો નથી.

તા. ૨-૫-૧૯૧૨

માસુખ બદલ ઉપર માણસ ખુદા સાથે રાખે છે.

સ—માસુખના ઢોર રાખ્યાં છે.
જુ—હા મે રાખ્યાં છે.
સ—કેટલા રાખ્યાં છે.
જુ—સાત રાખ્યાં છે.
સ—કેના નામથી રાખ્યાં છે.
જુ—કાલુ રહીમના નામનો છે.
સ—કાલુ રહીમ સીં નાત છે.
જુ—ઘાંચી છે.
સ—કેટલા રૂપીઆમાં રાખ્યા છે.
જુ—આસરેથી રૂપીઆ સવા પાંચમાં હુકે રાખ્યાં છે.
સ—કયારે રાખ્યાં છે.
જુ—દીવાળી કેડે પાંચ છ દીવસ કેડે.
સ—હાલ બધા ઢોરાં હયાત છે કે નથી,
જુ—બધાં હયાત છે.
સ—બધા ઢોરો કેવા રંગના છે.
જુ—ભુરા રાતાં કાળાં લાલ વિગેરે.
સ—કોને ત્યાંથી દોરી આપ્યાં.
જુ—બલુ ભાવાને ત્યાંથો બધા દોરી આપ્યા.
સ—દોરી આપવા કોણ આવ્યું હતું.
જુ—માસુખ સાથ.
સ—હાલ કોને કોને ઘેર તમોએ મુકયાં છે.

જુ—ત્રણ ઢોર અસાડીમાં એક માતરીઆમાં એક પરતાપપુરા એક
ઝરીમાં એક ભથવાડામાં.

સ—કયા કયા ધણીને ત્યાં.

જુ—અસાડીમાં ત્રણ ઢોર એક વણજારાને માતરીઆમાં પટેલ વાઢી-
સંગ શુકા પરતાપપુરામાં ભીલને ત્યાંને ઝરીમાં નામ યાદ નથી
ભથવાડામાં યાદ નથી.

સ—વેચી દીધા કે શી રીતે.

જુ—બધાં વેચી દીધાં.

સ—કોને વેચ્યાં.

જુ—ઉપર માણસ લખેલાં તેઓને વેચ્યાં છે.

સ—કેટલા રૂપીઆમાં વેચ્યાં છે.

જુ—છ સાત આઠ નવ રૂપીઆમાં આસરેથો વેચ્યાં છે,

*સ—ઉપરની બીના સીવાય કંઈ પણ વધારે જાણો છો.

જુ—કંઈ પણ જાણતા નથી,

તા. ૨-૫-૧૯૧૨

ઘાંચી ઉમર સીવા માથે ખુદા રાખીને કહે છે.
છગન શેઠના ઢોરાં મે રાખ્યાં નથી
ને કહે છે કે મારા ભાઇએ રાખ્યાં છે.

સ—તમારા ભાઇએ છગન શેઠની ગાયો ૨) રાખી છે.
તમારા ભાઇએ દીવાળી કેડે રાખી છે.

સ—તમારા ભાઇએ દીવાળી કેડ કેટલા દીવસ કેડે રાખી છે.

જુ—પંદર દીવસ કેડે.

સ—કેટલા રૂપીયામાં રાખી છે.

જુ—તેની મને ખબર નથી.

સ—કેને ત્યાંથી દોરી આપી છે.

જુ—તેની મને ખબર નથી.

સ—કેટલા રૂપીઆમાં આપી છે.

જુ—તેની મને ખબર નથી.

સ—સાથે કોન દોરી આપવા ગયું છે.

જુ—તેની મને ખબર નથી.

સ—ગાયો કેવા રંગની છે.

જુ—તે મે જોઈ નથી.

સ—તમારા ભાઇએ ગાયો રાખી છે કે વેચી છે.
જુ—તેની મને ખબર નથી.

તા. ૨-૫-૧૨

તા. ૨ જી મે ૧૯૧૨ ના રોજ ગીરધરલાલ મોરારજી તથા મંગળદાસ કોદરલાલની રૂબરૂ લેવાયલી જુબાની.

જીવા શીવા.

સ—છગનલાલ શેઠના ઢોરાં રાખ્યાં છે.
જુ—એક ગાય રાખી છે.
સ—કયારે રાખી છે.
જુ—દીવાળી પહેલા દસેરા પહેલાં.
સ—કેટલામાં રાખ્યા હતા.
સ—રંગે કેવી હતી.
જુ—ધોલી હતી.
સ—હાલ ગાય હયાત છે.
જુ—ના ગોધરે ગાંચીને વેચી.
સ—કેટલામાં વેચી.
જુ—રૂ ૧૧) માં
સ—તમે ગાય કયારે વેચી.
જુ—દીવાલી કેડે.
સ—તમે લીધા કેડે કયારે વેચી.
જુ—લીધા કેટે પંદર દીવસ કેડે વેચી.
સ—તમે ગાય કોને ત્યાંથી દોરી લાવ્યા.
જુ—છગન શેઠની દુકાનેથી દોરી લાવ્યા ને પાછલ વાછડી હતી.
સ—તમો રૂપીઆ ગાય લેવા કયાંથી લાવ્યા.
જુ—મારા ઘરના દેવા કરી લાવ્યો નથી.
સ—તમો ગોધરે ગાય કઈ જગોએ વેચી.
જુ—બજારમાં.
સ—ગાય વેચે કેટલા માસ થયા.
જુ—ગાય સીયાલામાં વેચી.
(એની છોકરી બોલી કે આપણે ગાય કયારે આણું છે.)

વીનતીપત્ર.

——xx——

ગોધરાના મહાજનના કેટલાક સખસો ઉપર કસાઇને ઢોર વેચાણ આપવા બાબતનું તહોમતનામુ મુકાયલું તે બાબત ગોધરાના મહાજનને તથા અમદાવાદના સંઘને કેટલોક ખુલાશો કરવાની અમારી ઇચ્છા છે માટે આપની પાસેથી નીચે લખેલી બાબતનો ખુલાશો તથા નીચે લખેલી નકલો માગીએ છીએ. તે અમને આપવાની કૃપા કરશો અને નકલો ખર્ચના જે પૈસા આપ કહેશો તે વખતે તેટલા પૈસા રજુ કરીશું.

૧ તા. ૪ મે સ. ૧૯૧૨ શનીવારને રોજ ગોધરાનું મહાજન શા કામ સારૂ ભેગુ થયેલું.

૨ તે દીવસે ભેગા થઇને શું કામ કર્યુ અને મહાજનના પથાણા ઉપર વીશા નીમા શ્રાવક વાણીયા બેસી રહ્યા હતા તે દરમીયાન વૈષ્ણવ જ્ઞાનીવાળાઓ ત્યાંથી ઉઠીને બીજે ઠેકાણે ગયા હતા કે કેમ અને ગયા હતા તો શા કામ માટે ગયા હતા અને તેમાં કોઇ નીમા વાણીયા શ્રાવકને સામેલ રાખેલા કે કેમ અને નહી રાખેલા તો શા કારણથી ?

૩ જે લોકો મહાજનના પથાણા ઉપરથી ઉઠીને બીજે ઠેકાણે ગયેલા તે લોકોએ ત્યાં જઇને શો વિચાર કર્યો અને તે વિચાર કર્યા બાદ તેમણે કાંઇ ઠરાવ કર્યો કે કેમ ?

૪ આખરે તે તારીખે મહાજને શો ઠરાવ કર્યો અને કાંઇ પણ ઠરાવ ના કર્યો તો શા ઇરાદે છેવટે વેરાયા. ફરીથી મહાજન ભેગુ કરવાનો કાંઇ ઠરાવ જે દીવસે થયેલો કે નહી. થયેલો તો કઇ તારીખે કેટલા વાગે મહાજન ભેગુ કરવાનો ઠરાવ થયેલો.

૫ તા. ૭ મે. સ. ૧૯૧૨ મંગળવારના રોજ બપોરના પાછલા પહોરમાં નીમા વાણીયા સીવાય બીજી કઇ કઇ કોમના લોકો મહાજનના પથાણે ભેગા થયેલા અને તે વખતે મહાજનમાં નીમા વાણીયાને ના બોલાવવા તેવો

તકરાર કોણે કોણે કીધેલી. અને શા કારણથી, તે તકરારનું નીરાકરણ આ-ખરે કેટલા વાગે થયું. મહાજનના શેઠ તે દીવસે મહાજનના પથાણે કેટલે વાગે આવેલા, અને તેમના આવ્યા પછી કેટલા કલાક ચર્ચા ચાલી. અને પછી શ્રાવકોને બોલાવવાનું ઠર્યું. શ્રાવકોને કેટલે વાગે તેડવા માણસ મોકલ્યું.

૬ તા. ૭ મીના રોજ જે મહાજન ભેગુ થવાનો ઠરાવ પ્રથમથીજ થયેલો હતો તો શ્રાવકોને તે મહાજનમાં બોલાવવા ના બોલાવવા એવી ચર્ચા થવાનું કારણ શું? તા. ૭ મીના રોજ શ્રાવકો મહાજનમાં હતા કે મહાજન બહાર હતા?

૭ તા. ૭ મીના રોજ સાંજના સાત વાગ્યાથી પરોઢ સુધીમાં મહા-જનના પથાણે જે કોમના લોક ભેગા થયા હતા તેમણે શા શા ઠરાવ કીધા અને તે રાત્રે શા. કીલાચંદ ખુબચંદે શું ભાષણ કીધું અને તે ભાષણ કર-વાને માટે એમને પરવાનગી અગર સમ્મતી ભેગા થયેલા લોકોએ અગર કોઇએ આપેલી કે કેમ? એ ભાષણમાં અમુક માણસોએ કસાઇને ઘેર ઢોર વેચ્યાં છે એવું તહોમત કીલાચંદે કોઇના ઉપર મુકેલું કે કેમ? અને મુકેલું તો કોના કોના ઉપર.

૮ કસાઇને ઢોર વેચાણ આપવા બાબતની ફરીયાદ કોણે કોણે કરેલી. અને કોના કોના સામે તે ફરીયાદ હતી. અને તે કઈ કઈ તારીખે કરેલી. અને તે બાબતની તજવીજ કરવાનું કામ કોને કોને સોંપેલું અને તેમણે કયા કયા સાક્ષીઓની જુબાનીઓ લીધી, ક્યારે લીધી. અને મહાજનના પથાણે ક્યારે રજુ થઈ. અને ચોપડાના કોઈ દાખલા અગર બીજા લેખીત દાખલા રજુ થયેલા કે કેમ?

૯ કસાઇને ઢોર વેચાણ આપવા બાબતની જે જે ફરીયાદો થઈ હોય તેના નકલો તથા તે કામમાં જે જે સાક્ષીઓની જુબાનીઓ લેવાઈ હોય તેની નકલો તથા તે કામમાં તજવીજ કરનાર સખ્સોએ જે જે રીપોર્ટ રજુ કર્યા હોય તેની નકલો તથા દસ્તાવેજ પુરાવા જે રજુ થયા હોય તેની નકલો આપવાની કૃપા કરશો. અને કીલાચંદે જે ભાષણ કરેલું તેનો સાર લખી મોકલશો.

૧૦ જે લોકોના ઉપર ઢોર કસાઇને વેચાણુ આપવા બાબત ફરીયાદો હતી. તે લોકોના કંઈ જુવાબ લીધા હોય તો તેની નકલો અગર મોઢેથી જુવાબ લીધા હોય તો તે શી મતલબના હતા તેનો મુસદ્દો આપવાની કૃપા કરશો તથા તેમના ચોપડા કોઇએ તપાસ્યા હતા કે નહી? તપાસ્યા હતા તો તે ચોપડામાં તે બાબતનું કાંઈ લખાણુ માલુમ પડેલું કે નહી? અને માલુમ પડેલું તો તેનો ઇન્તેખાપ તમોએ લીધો છે કે કેમ? લીધો હોય તો તેની નકલો આપશો.

૧૧ તા. ૭ મી મે. સ. ૧૯૧૨ ના રોજ રાત્રે ભેગા થયેલા સભ્યો છેવટે શો ઠરાવ કરીને વેરાયા. એ મીટીંગમાં જે કામ કરવાનું હતું તે પુરૂં કરીને ઉઠયા હતા કે એ કામ અધુરૂં રહેલું? અને અધુરૂં રહેલું તો ફરીથી કયારે ભેગા થઈ તે પુરૂં કરવા ધાર્યું છે.

૧૨ આ બાબતમાં તા. ૫ મી મે. સ. ૧૯૧૨ વાર રવીવારને રોજ કોઈ પણુ માણુસો આ બાબતની તજવીજ કરવા માટે ગામ સાલીયા તથા બીજા ગામોએ ગયેલા કે કેમ અને તે કોણુ કોણુ ગયેલા અને તેમને મોકલવાનો ઠરાવ કોણે કરેલો અને કયાં કરેલા અને કયારે કરેલો. તે લોકો જે જે સાક્ષીઓની જુબાનીઓ લાવ્યા હોય તેની નકલો અમને આપો.

૧૩ ઉપર લખેલી બાબતનો જુવાબ આપવામાં તથા નકલો આપવામાં આપને તસ્દી પડશે તેને માટે હમો માફ માગીએ છીએ પરંતુ આપ ન્યાય બુદ્ધીવાલા તથા મોભાદાર છો. ન્યાય માર્ગને પુષ્ટી આપવાને આ તસ્દી આપ લેશો એવી આશા રાખીએ છીએ.

અત્રેના મહાજન તરફથી સાલીઆ ગામથી લખાવી લાવેલા તે જુબાનીઓ.

હમો નીચે સહીઓ કરનાર ગાંચી લોકો રહેવાશી નાટાપુરા તાલુકે ગોધરાના તે ગોધરાના મહાજન તરફથી તે દેશાઈ રણુછોડલાલ હરગોવનદાસ તથા પરી દામોદરદાસ દાળીદાસ તથા શા. ભોગીલાલ કશનજી તથા

સોની પુનમચંદ હરજીવન તથા શા. ચુનીલાલ મનસુખની રૂબરૂ લખાવીએ છીએ કે અમો લોકોએ નીચે લખી વીગત પ્રમાણે ઢોરાં વેચાણ રાખ્યાં છે. અને તે ઢોરાં અમે ખોટાં કામમાં અને કસાઈના ધંધામાં વાપરેલાં છે.

ઉમર શીવા.

હું ઉમર શીવાએ શકરા લલ્લુની ત્રણ ગાયો રૂ. ૧૫-૮-૦ પંદર આઠ આનામાં વેચાણ રાખી છે અને તે રાખ્યે આશરે બે અઢી મહીના થયા છે, તે પઈકી એક ગાય ખોટા કામમાં અમોએ આ નાટાપુર ગામમાં વાપરી છે ને બે ગાયો ગોધરે કસાઇને ત્યાં ખોટા કામમાં અમે આપી છે મહાસુખ નાથજીના ત્રણ ગોધા ૧, વાછરડો ૧, વાછરડી એને બે હોડકીઓ (ગાયો) ૭ નંગ રૂ. ૩૪-૪-૦ માં આશરે બે મહીના ઉપર વેચાતાં રાખ્યાં છે તેમાં કાળુ રહીમ અડધાનો ભાગદાર હતો તે સાત નંગ નાટાપુરના કોળી બલુ ભાવા બારીઆના ઘેરથી લાવ્યા અને તે ઢોરાનું સાટું કર્યું અને તે સાટાનાં ઢોર મહાસુખ નાથજીએ ૭ સાત ઢોર આપતી વખતે અમારી પાસેથી ખોટાં કામમાં નહિ વાપરવાની કબુલાત લખાવી લીધી છે.

છગન બાપુજીનો બળદ રંગે રાતો મોતી વહાલા સાલીઆવાળાનો રૂ. ૧૧-૮-૦ સાડા અગીઆરમાં લીધેલો તે ખોટા કાંમમાં વાપર્યો છે.

જીવા શીવા.

હું જીવા શીવાએ દલસુખ બાપુજીની ગાય રંગે ધોળી બાળવી સીંગડાઓની રૂ. ૯) નવમાં રાખેલી તે છગન બાપુજીએ કસઇને ઘેર વેચી ખાવાનું કહેવાથી વેચી દીધી છે હાજી ઇસ્માલ સદીક મદારાને ત્યાં ગોધરાના કસાઇને ત્યાં આપી. દલસુખ બાપુજીની દુકાનેથી દોરી આપી.

ભીખા સદીક.

હું ભીખા સદીકે શકરા લલ્લુની ગાય રંગે કાળી માથે ચાંદુ જે લાલ સીંગડીવાળા રૂ. ૭ સાતમાં આશરે બે મહીના ઉપર રાખેલી તે હજી

ઇરિમાલ સદીક મદારાની મારફત ખોટા કામમાં ગોધરામાં વાપરી છે. બારી-આના સોની મથુર શામળ શકરા લલ્લુની દુકાનની જોડે રહે છે તેનો બળદ લીલો ખરી એક તુટી ગએલી તે રૂ. ૮—૪—૦ આઠ ચાર આનામાં રાખેલો અને તેનો બદલો કાળીને ત્યાં કર્યો અને કાળીએ બદલાનો ટેડો બળદ આપ્યો તે ગોધરે ખોટા કામમાં વાપર્યો છે.

પરદેશી બ્રાહ્મણ કે જે મહાસુખ નાથજીના પાસે રહે છે તેનું નામ પાયચંદ છે તેણે મુસા સદીકને ગોધો રૂ. ૮—૦—૦ માં આશરે દસ દહાડા ઉપર રાખ્યો છે અને તે ખોટા કામમાં ગયો છે.

સુજાતખાં નનુખાં તથા વજીર મહમદ ઇનામદાર.

અમે સુજાતખાં તથા વજીર મહમદ થઈ બે સહીઅરીએ પાયચંદ પરદેશી બ્રાહ્મણની ગાય લીધેલી તે હમે ખોટા કામમાં વાપરી છે.

કાલુ રહિમ.

હું કાલુ રહીમે કેલાદના વાણીઆ જેઠાલાલનો ધરેડો બળદ વાછરડી સાટે રાખ્યો હતો વાછરડી મહાસુખ નાથજી વાળી કે જે ઉપર સાત પહેડી વાળી આપેલી અને ઉપરાંમણી રૂ. ૧—૮—૦ વાણીઆ જેઠાએ આપ્યા હતા અને બળદ તેનો ખોટા વાપર્યો છે ને આ જેઠા વાણીઆએ બીજાં પચાસ ઢોરાં આપી દીધાં છે તે ખોટા કામમાં ગયા છે.

બીબીના કાળીઆના ઘેર કાણો બળદ છે પણ આ બળદ હમણાં તરતજ ખબર પડવાથી ખસેડી દીધો છે તેથી તેનો પતો લાગતો નથી હમો લોકો ઢોરાંનાં ખોટા ધંધો કરીએ છીએ અને અમારે ત્યાં આશરે ત્રણ દહાડા ઉપર મહાસુખ નાથજી અને તેની સાથે બે, વાણીઆ ગોધરાના આવેલા રાતની અગીયારની ગાડીમાં આવેલા તે વખતે ઉપરની હકીકત અમોએ તેમને કહેલી અને પરમ દહાડે સાંજે શકરા લલ્લુ અને ચુનીલાલ નાથજી અને દલસુખ બાપુજીનો ગુમાસ્તો મણીલાલ રાત્રે બાર વાગ્યાના સુમારમાં આવેલા તેમણે અમને ઉપરની ખરી હકીકત કહેવાનું ના કહેલું અને અમને હાથ જોડીને કહેતા હતા કે આટલા વખત અમારી ઈજત તમે રાખો

વાત ખરી કહેશો નહિ જુઠું બોલીને અમને ઉગારી લ્યો પણ અમે ખુદાનો ચોર થતા નથી અને કલા મુલ્લાના સોગન ખાઇને ઉપરની હકીકત આ ગામના તલાટી મણીલાલભાઈ તથા પટેલ બાપુજી તથા સરવઇયર જેઠાલાલ રણછોડદાસ ડાસરાના નાગર વાણીઆ તથા સરવઇયર ચુનીલાલ ધારશીશા ડાસરાના નાગર વાણીઆ તેઓની રૂબરૂ લખાવી છે તે ખરી છે મીતી સંવત ૧૯૬૮ ના વૈશાખ વદી ૪ તા. ૫-૫-૧૨ ને રવીવાર.

સાલીઆ ગામે આ હકીકત લખાવી છે આ ઉપરનું લખાણ વાંચતી વખતે ને સહીઓ કરાવતી વખતે મગનલાલ લલ્લુ વીરચંદને પણ હાજર રાખ્યા હતા તા. મજકુર.

કાલુ રહીમ સહી દા. પોતે ઉપરની હકીકત વાંચી સહી કરી છે.

હાજી ઇસમાલ સદીક મહારા માગી મારફત જે દોરની હકીકત લખી છે તે ખરી છે સહી દા. પોતે.

ઉમર શીવાનું અંગુઠાનું નીશાન છે ભણેલો નહિ હોવાથી.

જીવા શીવાના હાથના અંગુઠાનું નિશાન ભણેલો નહિ હોવાથી કરવ્યું છે.

બીખા સદીકની વતી તેના ભાઈ મુસા સદીકના અંગુઠાનું નીશાન કર્યું છે.

રૂબરૂ.

દેશાઈ રણછોડદાસ હરગોવનદાસ સહી દા. પોતે.

પરી. દામોદર કાળીદાસ.

શા. ચુનીલાલ મનસુખ સહી દા. પોતે.

શા. ભોગીલાલ કસનજી સહી દા. પોતે.

સોની પુનમચંદ હરજીવન સહી દા. પોતે.

હું મારા ધરમ પ્રમાણે સોગન ખાઇને લખાવું છું કે—

મારૂં નામ વજા બાપનું નામ રાંમા અટક સુથાર ઉમર આશરે ૩૦-૩૫ રહેવાસી મોરવા.

પુછવાથી લખાવું છું કે શંકરલાલ લલુ શેઠને ઓળખું છું મે એમની
ની ત્રણ વરસની એક હોડકી રૂ. ૭ માટે સાત આઠ મહીના ઉપર
ની હું ભીખા સદીકને ઓળખું છું તેને મેં આવીને કહ્યું કે મારે ગાય
લવી છે તેથી તેણે મને તેની એક ગાય બતાવી તે ગાય ઘરડી હતી તેથી
મેં તેની ગાય લીધી નહીં તે ગાય શંકરલાલની પડોસમાં એક કોળીને ત્યાં
હતી એટલામાં શંકરલાલની દુકાને એક હોડકી હતી તે મેં જોઈ અને તે
લેવાનો મારો વીચાર થયો તેથી ભીખા સદીકને મેં કહ્યું કે આ હોડકી
મારે લેવી છે ત્યારે ભીખાએ કહ્યું કે ભલે લો તે વખતે મારી પાસે ફક્ત
એકજ રૂપીયો હતો તેથી મેં ભીખાને કહ્યું કે એ હોડકી વેચાણ લેવામાં
મારે રૂપીયા જોઇએ તો તું આપીશ. ત્યારે તેણે હા કહી પછી શંકરલાલને
પુછતાં તેમણે બાર રૂપીયા માંગ્યા ત્યારે ભીખો અને હુ એ મળીને સાત
રૂપીયા આપવાના કહ્યા છેવટે શંકરલાલે સાત કબુલ કર્યા અને મેં મારી
પાસેનો એક રૂપીયો શંકરલાલને તુરત આપ્યો અને ભીખાએ પોતાના
ગુંજામાંથી રૂ. ૬ કાઢીને શંકરલાલને આપ્યા તે દીવસે મેં ભીખાને રૂ. ૯
રોકડા પ્રથમ મારા દેવા હતા તે આપેલા તેથી એના ગુંજામાં રૂપીયા હતા
તેમાંથી છ રૂપીયા તેણે આપ્યા. તે હોડકી મારે ઘેર ત્રણ શીયાળાના મહીના
તથા ફાગણની હોળી પછી દશેક દહાડા સુધી રહી પછી તે મરી ગઈ તે
રંગે કાળી હતી કપાળમાં ચાંદલી હતી. તા. ૩૧ મી માહે મેએ ૧૯૧૨
હુ ભણેલો નથી.

આ જુબાની અમો પચ છગનલાલ ગોપાળજી તથા અમરતલાલ
મનસુખની રૂબરૂ આ સાક્ષીએ લખાવી અને તે મેં તેના કહેવા પ્રમાણે
લખી લીધી છે અને તે તેને વાંચી બતાવતાં તેણે તે કબુલ રાખી તા. સદર.

Shao Mahasuka N.